## પ્રકરણ - ૬ : **થોમસ હાર્ડી અને ચુનીલાલ મડિયાની નવલકથાઓમાં ગ્રામ્યપરિવેશઃ**

## **કેટલાંક તુલનાત્મક અવલોકનો**

- ઔદ્યોગિક ક્રાંતિ અને તેની ગ્રામ્યપરિવેશ પર અસર
- ભારતીય કૃષક પરિવેશમાં ઔદ્યોગિકરણનો અભાવ
- ગ્રામજનો અને તેમનું પ્રાણીસૃષ્ટિ પ્રત્યેનું વલણ
- કૃષકોની આદતો અને એના પરિણામો
- ઔદ્યોગિક ક્રાંતિ અને ગ્રામિણ વ્યવસાયો
- કૃષકોની અર્થવ્યવસ્થા
- પ્રકૃતિનાં વિવિધ સ્વરૂપો
- ગરીબોનું શોષણ અને તેનું યથાર્થ નિરૂપણ
- સંઘર્ષનું નિરૂપણ
- માનવી અને એનું ભાગ્ય
- સામાજિક ભેદભાવનું નિરૂપણ
- સ્ત્રી-પુરૂષનાં સંબંધો
- ઔદ્યોગિકરણની સામાજિક મૂલ્યો પર અસર
- ગ્રામજનોની ભૂમિકા
- અંગ્રેજી અને ભારતીય સંસ્કૃતિ વચ્ચે આદાન-પ્રદાન
- હાર્ડીની અને મડિયાની નવલકથાઓમાં  ધર્મનું નિરૂપણ
- ગ્રામ્યપરિવેશનું એક અભિન્ન અંગ - મેળાઓ ઉત્સવો
- પાપકર્મો-પ્રાર્થના અને મુક્તિ
- ગ્રામ્યવિસ્તાર અને ભૌગોલિક પરિસ્થિતિઓ

૧૯મી સદીના અંત ભાગના મહાન નવલકથાકાર થોમસ હાર્ડીનો જન્મ ડોરસેટ પરગણાંમાં થયો હતો.૧૯મી સદીના મધ્ય ભાગમાં ડોરસેટમાં સૌપ્રથમ રેલ્વે સ્ટેશન બાંધવામાં આવ્યું ત્યાં સુધી ઈંગ્લેંડના નૈઋત્યમાં આવેલ આ ગ્રામ્યવિસ્તાર બાહ્ય દુનિયાથી તદ્દન અલિપ્ત હતો. થોમસ હાર્ડીએ તેના આ વતન અને તેની આસપાસના ગ્રામ્યપ્રદેશોને પોતાની કૃતિમાં 'Wessex'ના નામે અમર કર્યાં. એમણે'Wessex'ના ગ્રામ્યપરિવેશને પોતાની નવલકથાઓનો વિષય બનાવ્યો. એમની નવલકથાઓનું પરિશીલન કરતા કરતા ભાવક સહજપણે 'wessex'ના ગ્રામ્યપરિવેશમાં પ્રવેશે છે. બીજી બાજુ અર્વાચીન ગુજરાતી સાહિત્યના એક પ્રમુખ અને પ્રતિષ્ઠિત સાહિત્યકાર ચુનીલાલ મડિયાનો જન્મ સૌરાષ્ટ્રના ધોરાજી ગામમાં થયો હતો. ભારતના પશ્ચિમ કિનારે ગુજરાત રાજયમાં સૌરાષ્ટ્ર પ્રદેશ આવેલો છે. થોમસ હાર્ડી માટે જેમ 'Wessex' છે, તેમ ચુનીલાલ મડિયા માટે 'સૌરાષ્ટ્ર' છે. ચુનીલાલ મડિયાએ પોતાનું માધ્યમિક શિક્ષણ પોતાના વતન ધોરાજીમાં લીધું હતું. આ સમયગાળા દરમિયાન પોતાના વતનના ગ્રામ્યવિસ્તારનો એમને પ્રત્યક્ષ પરિચય થયો. એમની પ્રાદેશિક નવલકથાઓના કેન્દ્રમાં  સૌરાષ્ટ્રનું ગામડું છે.મડિયા પોતાની સબળ લેખન શૈલી વડે સૌરાષ્ટ્રના ગ્રામ્યપરિવેશને આલેખે છે. આ બંને નવલકથાકારો પાસેથી આપણને ગ્રામ્યપરિવેશની કુલ ૧૪ નવલકથાઓ પ્રાપ્ત થાય છે.(થોમસ હાર્ડીની ૭ અને ચુનીલાલ મડિયાની ૭) જે આ પ્રમાણે છે:

'અન્ડર ધ ગ્રીનવુડ ટ્રી', 'ફાર ફ્રોમ ધ મેડીગ ક્રાઉડ', 'ધ રીટર્ન ઓફ ધ નેટીવ', 'ધ મેયર ઓફ કેસ્ટરબ્રીજ','ધ વુડલેન્ડર્સ', 'ટેસ ઓફ ડ'અર્બરવિલ્સ','જયુડ ધ ઓબ્સકયોર' **અને** 'પાવકજવાળા','વ્યાજનો વારસ','ઈંધણ ઓછાં પડયા', 'વેળાં વેળાંની છાંયડી', 'લીલુડી ધરતી,' 'શેવાળના શતદલ','આલા ધાંધલનું ઝીઝાવદર'

થોમસ હાર્ડી અને ચુનીલાલ મડિયાની આ તમામ નવલકથાઓને એકબીજાની સાથે મૂકી અભ્યાસ કરતાં નવલકથાઓનું પરિશિલન કરતાં કરતાં ભાવક સહજપણે 'Wessex' અને

'સૌરાષ્ટ્ર'નાં ગ્રામ્યપરિવેશમાં પ્રવેશ કરે છે.એ સમય અને સ્થળનાં ગ્રામજનોનાં જીવનનાં વિવિધ પાસાંઓનો ખૂબ જ નિકટતાથી પરિચય મેળવે છે. એમના સંઘર્ષો, સુખ-દુઃખનાં પ્રસંગો, આશા-નિરાશાઓ, એમના જીવનનાં ચઢાવ-ઉતારનો માત્ર મૂક સાક્ષી ન રહેતાં સહૃદયી ભાવક એની સાથે એકરૂપ થઇ જાય છે.એક બાજુ થોમસ હાર્ડીની નવલકથાઓ ઈંગ્લેન્ડનાં ગ્રામ્યપરિવેશને નિરૂપે છે, બીજી બાજુ, ચુનીલાલ મડિયા સૌરાષ્ટ્ર પ્રદેશ એવાં ભારતીય ગ્રામ્યપરિવેશને નિરૂપે છે.આ બંને નવલકથાકારોની નવલકથાઓમાં ગ્રામ્યપરિવેશને મૂલવતાં કેટલાંક તુલનાત્મક અવલોકનો પ્રાપ્ત થયા છે, જે નીચે પ્રમાણે છે.

**ઔદ્યોગિક ક્રાંતિ અને તેની ગ્રામ્યપરિવેશ પર અસર :**

જો ગ્રામ્ય વિસ્તારોની યોગ્ય કાળજી લેવામાં ન આવે તો, ઉદ્યોગોની કૃષિ ઉપર હંમેશા વિપરીત અસર થાય છે.હાર્ડીનાં સમયગાળા દરમિયાન ઈંગ્લેંડમાં અને મડિયાનાં સમયગાળા દરમિયાન ભારતમાં સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે અનેક વમળો અને વલોપાત જોવા મળે છે.ઈંગ્લેંડમાં ઉદ્ભવેલી ઔદ્યોગિક ક્રાંતિનો જયાં જયાં ફેલાવો થઇ રહ્યો હતો ત્યાંની પ્રજાનું જીવન ધરમૂળથી બદલાઇ રહ્યું હતું. નાનાં-નાનાં ગામડાંઓનું વિઘટન થઇ રહ્યું હતું અને નવી ઔદ્યોગિક વસાહતો નિર્માણ પામી રહી હતી. યંત્રો અને કારખાનાનાં ઉદ્ભવથી ગામડાંના લોકો શહેર તરફ સ્થળાંતર કરી રહ્યા હતાં. કૃષિનું પતન થઇ રહ્યું હતું અને ઉદ્યોગો વિકસી રહ્યા હતાં.જાગીરદારો લુપ્ત થઇ રહ્યાં હતાં તેમજ એમનું સ્થાન મૂડીવાદીઓ અને ઉદ્યોગપતિઓ લઇ રહ્યાં હતાં.નિતનવી વૈજ્ઞાનિક શોધખોળને લીધે લોકોની માનસિકતામાં આમૂલ પરિવર્તનો આવી રહ્યાં હતાં અને વર્ષો પુરાણા વ્યવહારો અને રિવાજો ભાંગીને ભૂકો થઇ રહ્યાં હતાં. કૃષિ હવે લોકો માટે રસનો વિષય રહેવા પામ્યો હતો નહિ.લોકોને ખેતી કરતા ઉદ્યોગોમાં નાણાંનું રોકાણ વધુ સલામત અને સરળ લાગવા માંડયુ. વરાળયંત્રો દ્વારા ઈંગ્લેંડમાં માલનું વિપુલ ઉત્પાદન કરવામાં આવતું અને સમગ્ર વિશ્વમાં એને વેચવામાં આવતું. વરાળયંત્રોની શોધને કારણે આંતરરાષ્ટ્રીય વ્યાપારને પ્રોત્સાહન પૂરૂં

પડયું. જે દેશો બ્રિટીશ પ્રોડકટસ ખરીદતા તેઓએ બદલામાં તેમને પોતાની ખેતપેદાશો, ફળ, અને માંસનો વિપુલ જથ્થો પૂરો પાડવો પડતો. આમ, બ્રિટીશ ઉત્પાદનથી લદાયેલા ભારત જેવા દેશમાં લાંગરતા જહાજો ભારતીય ખેતપેદાશો ઠાંસીઠાંસીને ભરી ઈંગ્લેંડ પાછા ફરતા. ધનવાન લોકોના કૃષિને બદલે ઉદ્યોગોમાં નાણાંના રોકાણને લીધે કૃષિ પડી ભાંગી.હજારો ખેતમજૂરોએ પોતાની રોજગારી ગુમાવી. ગામડાંમાં તેમને માટે જીવનનિર્વાહ મુશ્કેલ બનતા તેઓએ શહેરની વાટ પકડી. કારખાનાઓમાં મજૂરી કરવા માંડી.આમ, કૃષિ આધારિત અર્થતંત્રનું ઔદ્યોગિક અર્થતંત્રમાં રૂપાંતર થયું. એને લીધે એક બાજુ અનેક વિશેષાધિકાર ભોગવતો મૂડીવાદીઓ અને ઉદ્યોગપતિઓનો વર્ગ, તો બીજી બાજુ, અનેક અન્યાય અને શોષણ સહન કરતો મજૂર વર્ગ અસ્તિત્વમાં આવ્યો.કૃષક ઉપરાંત ઔદ્યોગિકરણને લીધે વિશ્વના તમામ દેશોમાં અનેક સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક સમસ્યાઓ ઉદ્‌ભવી.ઔદ્યોગિકરણને લીધે લોકજીવનમાં આવેલા પરિવર્તનોની નોંધ વિશ્વના મોટાભાગના સાહિત્યકારોએ લીધી અને એને પોતાના સાહિત્યમાં પ્રતિબિંબિત કર્યા.

ઔદ્યોગિકરણની કૃષિ ઉપર થયેલી વિપરીત અને વિનાશક અસરની ઝાંખી હાર્ડીએ પોતાની ‘ટેસ ઓફ ડ’અર્બરવિલ્સ’ જેવી નવલકથામાં કરાવી છે, તો મડિયાએ પણ ‘ઈંધણ તો ઓછાં પડયા’અને એમની અન્ય નવલકથાઓમાં કયાંક કયાંક આ બાબતનો સ્પર્શ કર્યો છે જે આપણે પ્રસ્તુત શોધનિબંધના પ્રકરણ-૩ માં જોયું.

**ભારતીય કૃષક પરિવેશમાં ઔદ્યોગિકરણનો અભાવ :**

આમ છતાં ઔદ્યોગિકરણનો ફેલાવો જે સ્તરે ઈંગ્લેંડના ગ્રામ્યવિસ્તારોમાં થઇ રહ્યો હતો એટલો મડિયાના સમયે ભારત દેશના ગ્રામ્યવિસ્તારોમાં જોવા મળતો નથી.મડિયાની નવલકથાઓમાં કયાંક કયાંક ઔદ્યોગિક કારખાનાનાં આછાં પાતળા ઉલ્લેખો જોવા મળે છે.આમ છતાં, ભારતના ખેતરોમાં થ્રેશીંગ મશીન જેવા કૃષિ સંબંધી સાધનો જોવા મળતા નથી.ભારતીય કૃષક પરંપરાગત પધ્ધતિ પ્રમાણે જ ખેતી કરતો જોવા મળે છે.વાવણી-કાપણી જેવી કૃષક પ્રવૃત્તિઓ સાથે યંત્રોને બદલે

માનવશ્રમ જ સંકળાયેલો છે.અને એને સુખદ કહો કે દુ:ખદ પરંતુ આજે એકવીસમી સદી માં પણ ભારતના અંતરિયાળ ગામડાંઓમાં આ ચિત્રમાં કોઇ નોંધપાત્ર પરિવર્તન જોવા મળતું નથી.આ બાબત જ સૂચવે છે કે ભારતમાં કૃષિ અને કૃષક પધ્ધતિનો વૈજ્ઞાનિક ઢબે જે વિકાસ થવો જોઇએ તે થયો નથી.હાર્ડીમાં બાથશેબા અને બોલ્ડવુડ જેવા સુખી-સંપન્ન અને સમૃધ્ધ ખેડૂતો જોવા મળે છે જયારે મડિયામાં હાદા પટેલ અને ગોબર જેવા ગરીબ અને કંગાળ ખેડૂતો જોવા મળે છે, જેઓ પોતાના ખેતરમાં કાળી મજૂરી કરીને માંડ માંડ પેટિયું રળે છે.આમ, ભારતીય કૃષક પરિવેશમાં ઔદ્યોગિકરણનો અભાવ છે. તો બીજી બાજુ,ભારતીય ખેડૂતનો કૃષિ સાથેનો અતૂટ નાતો આધ્યાત્મિક અને ભાવાત્મક રહેવા પામ્યો છે.તેથી જ એક ભારતીય ખેડૂત કોઇપણ કૃષક પ્રવૃત્તિ શરૂ કરતા પહેલાં પ્રભુને સ્મરે છે અને કૃષક-સાધનોની પૂજા કરે છે.આજે ઇન્ફર્મેશન ટેકનોલોજીના જમાનામાં પણ કોઇપણ ભારતીય હિન્દુ કોઇ યંત્રનો ઉપયોગ શરૂ કરતા પહેલાં એની ઉપર તિલક લગાવી પૂજા કરે છે, જે એના સંસ્કાર અને સંસ્કૃતિમાં રહેલી આધ્યાત્મિકતાનું સૂચન કરે છે.જયારે હાર્ડીની નવલકથાઓમાં ખેડૂતો કૃષિ સંબંધી સાધનો પ્રત્યે માત્ર ઉપયોગિતાવાદી વલણ ધરાવે છે.

**ગ્રામજનો અને તેમનું પ્રાણીસૃષ્ટિ પ્રત્યેનું વલણ :**

હાર્ડીની નવલકથાના ગ્રામજનોનું આવું જ ઉપયોગિતાવાદી વલણ એમના પ્રાણીઓ સાથેના સંબંધોમાં જોવા મળે છે.જેમ કે ઓક પોતાના ઘેંટાના મૃત્યુ માટે જવાબદાર શ્વાનને ઠાર મારે છે, ટેસમાં ઘોડા જેવા પ્રાણીના મૃત્યુ બાદ પણ એના મૃત શરીરને વેચવાનો વિચાર કરવામાં આવે છે, તો જયુડ માત્ર થોડાં પૈસા ખાતર ભૂંડને હલાલ કરે છે.તો બીજી બાજુ, ભારતીય કૃષક પરિવેશમાં ગાયને માતા ગણી પૂજવામાં આવે છે.સંતુ એની કાબરી ગાય સાથે અદમ્ય આત્મિયતા અનુભવે છે.અને રામધણના ઢોર માટે ગ્રામજનો પોતાના પ્રાણનું બલિદાન આપવા સુધીની તત્પરતા દર્શાવે છે.જો કે બંને નવલકથાકારોની કૃતિમાં પ્રાણીઓ દ્વારા ભજવાતી ભૂમિકા સમાંતર છે.'ફાર ફ્રોમ ધ મેડિંગ ક્રાઉડ'માં એક શ્વાન ઓકનું જીવન બચાવે છે, તો અન્ય એક શ્વાન ગર્ભવતી ફેનીને અણીના સમયે

મદદરૂપ થાય છે.મડિયાની ‘લીલુડી ધરતી’ માં ડાઘિયો જડીના શીશુને પોંચે દાંતે ઉપાડી લાવે છે અને એને જીવનદાન બક્ષે છે.ટેસના પિતાની આજીવિકા માટે જેટલું મહત્ત્વ પ્રિન્સનું છે એટલું જ મહત્ત્વ સંતુના પિતા માટે એના દુબળા બળદોનું છે.મેલબરી શેઠના ઘોડા અને ઘોડાગાડીનો પ્રભાવ જેટલો લીટલ હીન્ટોકમાં છે એટલો જ પ્રભાવ ઓતમચંદ શેઠના ઘોડા અને ઘોડાગાડીનો વાઘણિયામાં છે.આમ, બંને નવલકથાકારોની કૃતિમાં ઘોડા એ સામાજિક મોભાના પ્રતિકરૂપે રજૂ થાય છે.‘ટેસ’માં હાર્ડીએ માનવીના પ્રાણીઓ પ્રત્યેના એક વિશિષ્ટ વલણનો નિર્દેશ કર્યો છે.ઘણીવાર આપણે આપણા ગામમાં કે એની આસપાસના વગડાંઓમાં ઘવાયેલા કે કોઇ રોગનો ભોગ બનેલા રઝળતા પ્રાણી-પક્ષીઓ જોઇએ છીએ.એ લાચાર પ્રાણી કે પક્ષીનું દુઃખ અને યાતના કોઇપણ સંવેદનશીલ વ્યકિતને હચમચાવી મૂકે છે, ત્યારે વિચાર આવે છે,‘‘શું હું એનો ઉપચાર કરી શકું?’’ જયારે એનો જવાબ ‘ના’ આવે ત્યારે આપણે એ નિઃસહાય પ્રાણી કે પક્ષીને એની યાતનામાંથી મુકત ન કરી શકવાની લાચારીને લીધે એક પ્રકારની ગૂંગણામણ અને ગ્લાની અનુભવીએ છીએ, ‘હું શું કરું?’ટોલબોથે ડેરીમાં ટેસ માટે કોઇ કામ ન રહેતા રોજગારીની શોધમાં એ ભટકતી હોય છે.માર્ગમાં તે કેટલાંક શિકારીની ગોળીથી ઘવાયેલા અને લોહીથી લથપથ છતાં જીવીત પક્ષીઓ નીહાળે છે.ટેસ એ પક્ષીઓને એની યાતનામાંથી મુકત કરવા માંગે છે.એની પાસે એક જ રસ્તો છે અને તે અપનાવે છે.ટેસ શકય એટલા ઘવાયેલા પક્ષીઓને એની ડોક મરડીને મારી નાંખે છે. એટલે કે ટેસ વર્તમાન સમયમાં પણ એટલો જ વિવાદાસ્પદ મુદ્દો એવો ‘Mercy Killing’નો માર્ગ અપનાવે છે.

**કૃષકોની આદતો અને એના પરિણામો :**

કૃષકોની આદતો અને એના માઠાં પરિણામોના નિરૂપણમાં બંને નવલકથાકારો એકબીજાને સમાંતર આગળ વધે છે.દારૂના નશામાં ધૂત હેન્ચાર્ડ પોતાની પત્ની અને બાળકીનું વેચાણ કરે છે.તો એ જ પ્રમાણે માંડણ નશાની હાલતમાં વાવમાં ટેટો ફોડી નાંખે છે અને ગોબરને મારી નાંખે છે.હાર્ડીની નવલકથામાં દારૂનું પીઠું જે ભૂમિકા રજૂ કરે છે એ જ ભૂમિકા મડિયાની નવલકથામાં ચા

ની હોટલ રજૂ કરે છે.દારૂના પીઠામાં ગ્રામજનો ભેગાં થાય છે અને દારૂ પીતાં પીતાં ગામમાં બનેલી ઘટનાઓ વિષે વાતચીત કરે છે-વિચારોની આપ-લે કરે છે.કંઈક આવું જ દૃશ્ય આપણને મડિયાની નવલકથામાં 'અંબાભવાની' જેવી હોટલમાં જોવા મળે છે જયાં ગુંદાસરના ગ્રામજનો ચા પીવાના બહાને ભેગાં થાય છે અને ટોળટપ્પાં મારે છે.ગામમાં બનતી ઘણી ઘટનાઓ આવા દારૂના પીઠામાં કે ચા ની હોટલમાં આકાર પામે છે.ધૂમ્રપાન એ હાર્ડી અને મડિયાના ગ્રામજનોમાં જોવા મળતું સર્વસામાન્ય વ્યસન છે. દારૂનું વ્યસન એ હાર્ડીના 'વેસેકસ'માં સમાજ અને સંસ્કૃતિના એક ભાગ તરીકે રજૂ થાય છે, જયારે મડિયાના સૌરાષ્ટ્રમાં દારૂનું વ્યસન એ સામાજિક રીતે અસ્વીકૃત અને બહિષ્કૃત વ્યસન છે. જો કે વર્તમાન સમયમાં ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં દારૂના વ્યસનનો વ્યાપ અસાધારણ સ્તરે વધેલો જોવા મળે છે.

**ઔદ્યોગિક ક્રાંતિ અને ગ્રામિણ વ્યવસાયો :**

આપણે આગળ જોયું તે પ્રમાણે ૧૯મી સદીના આરંભમાં ઈંગ્લેંડમાં શરૂ થયેલી ઔદ્યોગિક ક્રાંતિની અસર વિશ્વના મોટાભાગના દેશોમાં અને એના ગ્રામ્યપરિવેશ ઉપર થઇ. ઔદ્યોગિકરણને લીધે કૃષિ અને મુખ્યત્વે કૃષિ આધારિત ગ્રામિણ વ્યવસાયો પડી ભાંગ્યા.આ વાતનો નિર્દેશ આપણા બંને નવલકથાકારો પોતાની નવલકથાઓમાં કરે છે.હાર્ડી દર્શાવે છે કે ખેતમજૂરો ગામડાં છોડી શહેરોમાં સ્થાઇ થયા અને કારખાનામાં કામ કરવા લાગ્યા.એ જ પ્રમાણે મડિયા જણાવે છે કે ગામડાંમાં રંગારાનો વ્યવસાય કરતા ખત્રીઓ શહેરોમાં 'ડાઈંગ એન્ડ પ્રિન્ટિંગ વર્કસ' જેવાં મોટા કારખાના સ્થપાતા એ રંગારાઓને ગામ છોડવાની ફરજ પડે છે અને શહેરની મિલોમાં મજૂરી કરવા ચાલ્યા જાય છે.આ જ પ્રમાણે હાર્ડીની નવલકથામાં જયુડ, કલીમ તો મડિયાની નવલકથામાં માંડણ, લીલુશેઠ જેવા મૂળભૂત ગ્રામજનોએ પોતાના ગ્રામિણ વ્યવસાયો પડતા મૂકીને શહેરની વાટ પકડી હોય છે.

આમ છતાં આ બંને નવલકથાકારોની કૃતિમાં ગ્રામજનોનો મુખ્ય વ્યવસાય તો કૃષિ જ રહેવા પામ્યો છે. કૃષિ આધારિત ગ્રામીણ વ્યવસાયોના નિરૂપણમાં હાર્ડી અને મડિયાની નવલકથામાં ઘણી સમાનતાઓ જોવા મળે છે.જેમ કે પશુપાલનનો વ્યવસાય.ટેસને જીવનના એક તબકકે ટોલબોથે ડેરીમાં આશરો મળે છે. આ ડેરીનું સ્વસ્થ, સ્વતંત્ર અને સહકારભર્યું વાતાવરણ ટેસને એના વ્યથિત જીવનમાં રાહત અને તાજગી પૂરાં પાડે છે. તો આવી જ એક આપત્તિની ક્ષણે ઓતમચંદને એભલ આહિરની કોઢમાં આશ્રય મળે છે.એભલ આહિરની કોઢમાં પણ પ્રેમ, ઉષ્મા, અને પરોપકારનું વાતાવરણ છે જે ઓતમચંદ શેઠના જીવનમાં આધારભૂત પરિબળ સાબિત થાય છે.ટેસના પિતાનો વ્યવસાય ગામડાંમાંથી માલ ભરી શહેરમાં પહોંચતો કરવાનો છે, તો સંતુના પિતા ટીહાનો વ્યવસાય પણ શહેરમાં જરૂરી માલસામાન પહોંચતો કરવાનો છે. પરંતુ વર્તમાન સમયમાં ઓટોમોબાઇલ્સના વિકાસ અને વ્યાપને લીધે ગામડાંઓમાંથી ઘોડાગાડી કે બળદગાડાં ગાયબ થઇ રહ્યા છે અને એનું સ્થાન મોટરગાડીએ લઇ લીધું છે.

**કૃષકોની અર્થવ્યવસ્થા :**

કૃષકોની લેવડ-દેવડમાં ખેતીમાં ભાગીદારી જેવી જ જજમાની અર્થવ્યવસ્થા બંને નવલકથાકારોની કૃતિઓમાં જોવા મળે છે.જેમ કે બોલ્ડવુડ અને ઓક વચ્ચે કૃષિમાં ભાગીદારી રચાય છે, તો મડિયામાં વછા પારેખ અને માવા પટેલ વચ્ચે આ પ્રકારની ભાગીદારી જોવા મળે છે.જો કે હાર્ડીમાં જોવા મળતી આ પ્રકારની લેવડ-દેવડમાં સંપૂર્ણપણે વ્યવસાયિક વલણ અપનાવવામાં આવે છે.મડિયામાં જોવા મળતી આ પ્રકારની ભાગીદારીમાં વ્યવસાય ઉપરાંત સેવા અને સહકાર જેવી બાબતો પણ એટલી જ એહેમ હોય  છે.ઓક બાથશેબાને પ્રેમ કરતો હોવા છતાં અને એની જવાબદારી ખંત અને નિષ્ઠાથી નિભાવતો હોવા છતાં બાથશેબા કોઇપણ પ્રકારની ભાવાત્મકતામાં તણાયા વગર એને છૂટો કરી દે છે.જો કે મડિયાની નવલકથામાં પણ મૂડીવાદી સવર્ણો દ્વારા ગરીબ આદિવાસી પ્રજાનું શોષણ થતું દર્શાવવામાં આવ્યું છે.જેમ કે આભાશાની પેઢી અને એનો વ્યાજ વટાઉનો કારભાર. સવર્ણો દ્વારા થતા આદિવાસી પ્રજાના આર્થિક શોષણને અટકાવવા માટે જ ભારત

સરકાર દ્વારા એ અંગેના કાયદાનો અમલ શરૂ કરવામાં આવ્યો અને એ મુજબ સરકારની આગોતરી મંજૂરી વગર સવર્ણો અને આદિવાસી વચ્ચે જમીન-ઘર જેવી સ્થાવર મિલકતને લગતી કોઇપણ પ્રકારની લેવડ-દેવડ પ્રતિબંધિત જાહેર કરવામાં આવી છે.હેન્ચાર્ડ માત્ર પાંચ ગીની માટે પોતાની પત્નિ ન્યૂસનને વેચી દે છે, તો અમથી સુથારણ સોના માટે પોતાનું શીશુ સજુબાને સોંપી દે છે.આમ, આર્થિક લાભ માટે એક માનવીય જીવનું વેચાણ હાર્ડી અને મડિયા એમ બંને નવલકથાકારોની કૃતિમાં જોવા મળે છે.અને આ પ્રકારની લેવડ-દેવડ આજે પણ થઈ રહી છે એવું વર્તમાનપત્રોમાં અવારનવાર છપાતા સમાચારો વાંચીને જાણવા મળે છે.

**પ્રકૃતિનાં વિવિધ સ્વરૂપો :**

પ્રકૃતિના વિવિધ રમ્ય અને રૌદ્ર સ્વરૂપોનું વર્ણન હાર્ડી અને મડિયાની નવલકથાઓમાં કરવામાં આવ્યું છે.પરંતુ પ્રકૃતિ પ્રત્યેના આ બંને લેખકોના દૃષ્ટિકોણમાં ભેદ રહેલો છે.હાર્ડી પ્રકૃતિને ભાગ્યના અચળ અને કઠોર તત્ત્વના પ્રતિક તરીકે રજૂ કરે છે.એમની નવલકથાઓમાં પ્રકૃતિના તત્ત્વો હંમેશા માનવીની યાતનાઓ અને દુઃખ દર્દના માત્ર મૂક સાક્ષી બની રહે છે.વર્ડઝવર્થ, કીટસ જેવા કવિઓની જેમ હાર્ડી પ્રકૃતિ પ્રત્યે રોમેન્ટિક દૃષ્ટિકોણ દાખવતા નથી.એમના મતે પ્રકૃતિની તમામ ગતિવિધિઓ એક નિર્જીવ સ્વંયસંચાલિત પ્રક્રિયા છે.હાર્ડી માટે પ્રકૃતિ એટલે માત્ર શ્રેષ્ઠ અને સુંદર એવો ખ્યાલ ખૂબ દૂરનો છે.તેઓ પ્રકૃતિની સુંદરતા પ્રત્યે બેધ્યાન નથી, પરંતુ પ્રકૃતિના અન્ય પાસાંઓ જેવા કે એની ક્રૂરતા અને કપટથી તેઓ અજાણ પણ નથી.તેઓ માનવીના પ્રકૃતિ સાથેના સંબંધોમાં હંમેશા અવિરતપણે ચાલ્યા કરતો સંઘર્ષ જુએ છે.અન્ય લેખકોની કૃતિમાં પ્રકૃતિ હંમેશા શાંત, સૌમ્ય અને નિર્દોષ પાર્શ્વભૂ તરીકે રજૂ થાય છે અને માનવી પોતે એક પાપી અને પ્રપંચી પરિબળ તરીકે રજૂ થાય છે.પરંતુ હાર્ડી પોતાની નવલકથાઓમાં પ્રકૃતિને દોષિત અને પ્રપંચી ઠેરવે છે.તેમજ એના વ્યાપક અને વિરોધાભાસી વલણો સામે એક સામાન્ય માનવી નિસહાયતા અને લાચારી અનુભવે છે.

હાર્ડી પોતાનો પ્રકૃતિ પ્રત્યેનો આ 'Point of view' એમની નવલકથાઓમાં 'authorial intervention' દ્વારા રજૂ કરે છે :

"The face of the heath by its mere complexion added half an hour to evening; it could in like manner retard the dawn, sadden noon, anticipate the frowning of storms scarcely generated, and intensify the opacity of a moonless midnight to a cause of shaking and dread."[૧]

"Haggard Egdon appealed to a subtler and scarcer instinct, to a more recently learnt emotion, than that which responds to the sort of beauty called charming and fair."[૨]

"The sun had now got far to the west of south and stood directly in her ( Mrs. Yeobright's) face, like some merciless incendiary, brand in hand,waiting to consume her."[૩]

"Skirting the pool she followed the path towards Rainbarrow, occasionally stumbling over twisted furze-roots, tufts rushes, or oozing lumps of fleshy fungi, which at this season liver and lungs of some colossal animal.The moon and stars were closed up by cloud and rain to the degree of extinction.It was a night which led the traveller's thoughts instinctively to dwell on nocturnal scenes of disaster in the chronicles of the world, on all that is terrible and dark in hisrory and legend."[૪]

હાર્ડીની નવલકથાઓમાં આવા અનેક વિધાનો જોવા મળે છે. જેમાં હાર્ડીનો પ્રકૃતિ પ્રત્યેનો અને પ્રકૃતિનો માનવી પ્રત્યેનો અળખામણો, અકળ અને અચળ દ્રષ્ટિકોણ વ્યકત થાય છે. પરંતુ પ્રકૃતિ પ્રત્યેનો જે દ્રષ્ટિકોણ હાર્ડીનો છે એ જ એના નવલકથાના પાત્રોનો છે એવું માનવું ભૂલભરેલું છે :

"If any one knew the heath well, it was Clym. He was permeated with its dours.He might be said to be its product.His eyes had first opened theron; with its appearance all the first images of his memory were mingled; his estimate of his life had been coloured by it.Take all the varying hates felt by Eustacia Vye towards the heath, and translate them into loves and you have the heart of Clym."[૫]

આમ, પ્રકૃતિ પ્રત્યેના હાર્ડીના દ્રષ્ટિકોણમાં અને એના પાત્રોના દ્રષ્ટિકોણમાં તફાવત રહેલો છે.જયારે મડિયા પ્રકૃતિ પ્રત્યે ગ્રામજનોનો સર્વસામાન્ય દ્રષ્ટિકોણ અપનાવે છે. હાર્ડી માટે હીથ ભયાનક અસલામત અને ગૂઢ વિસ્તાર છે, જયારે ગીરનાર માટે મડિયા લખે છે :

"હેતાળ માતાના વહાલસોયા ખોળામાં અણસમજુ બાળક પોતાની સલામતીની અખૂટ શ્રધ્ધા સાથે ઊંઘતુ હોય એમ ગરવા ગિરનારની ગોદમાં લપાઇને ગુંદાસર ગામ પડયું હતું. માતાની છત્રાછાયા તળે બાળક નિશ્ચિંત બની રહે, એમ આ નાનકડું ગામડું પણ ગિરનારની છાયામાં સ્વાભાવિક નિશ્ચિંતપણું અનુભવતું હતું."[૬]

હાર્ડી સૂરજને 'merciless incendiary'તરીકે ઓળખાવે છે.ત્યારે મડિયા સૂરજ માટે 'સૂરજદાદા' જેવો ભાવાત્મક શબ્દપ્રયોગ કરે છે.અને ધનિયો ગોવાળ જેવો ગ્રામજન વધુ પડતા વરસાદને લીધે સર્જાયેલી તારાજીનો જે અહેવાલ આપે છે એમાં પણ ફરિયાદને બદલે પ્રકૃતિ પ્રત્યેના પ્રેમનો સૂર વ્યકત થાય છે.ગ્રામજનો નદીને માતા તરીકે પૂજે છે અને મડિયા પણ ગુંદાસર ગામને ઓઝતના પરિવાર તરીકે ઓળખાવે છે.

હાર્ડીમાં આપણે એક વરસાદી રાત્રીનું વર્ણન જોયું.હવે મડિયામાં જે વરસાદી રાત આવે છે તે જોઇએ:

"એક બીજની સંધ્યાએ અનુભવી ઘરડેરાંઓએ પાસ પાદરમાં જઇને કલેન્દુની કલા નીરખી હતી અને દિનપ્રતિદિન વૃધ્ધિ પામતા જતા એ ચંદ્રનું ઝીણવટથી અવલોકન કરીને અભિપ્રાય આપ્યો

હતો : 'ચાંદામાં જળ ભર્યું છે.'...અને જે રાતે એ જળેભર્યો પૂનમનો ચંદ્ર જળકુંડાળા વચ્ચે આકાશમાં ઊગ્યો એ રાતે અસહ્ય ઉકળાટ થયો...ધોળી દૂધ જેવી ચાંદનીમાં એવા જ શીળાને શાતાદાયક ભજનબોલ સંભળાઇ રહ્યાં...અને એકાએક કયાંય નહોતો ત્યાંથી ઠંડો પવન ફૂંકાઇ રહ્યો.અને સૂસવાતા ઠંડા પવનમાં ગિરનારી મેઘનો ભેજ ભળ્યો.આકાશમાંથી એક આછેરું સરવડું વરસ્યું અને વરસ આખાની તરસી ધરતી ઉમળકાભેર ફોરી ઊઠી.એના અંગેઅંગમાંથી મીઠી સુગંધ મહેંકી ઊઠી.વરસાદનું જોરદાર ઝાપટું પડયું અને મહેંકતી ધરતી તરબતર થઇ ગઇ..વરસાદ પૂરજોશમાં ઝિંકાતો રહ્યો... દેવે દીધેલા જ્ઞાનદીપ સમી વીજળીનો ઝબકારો થયો અને આખી ખડકી, ઓસરી ને ઓરડાંમાં અજવાળાં ઝોકાર થઇ ગયાં..એક જોરદાર કડાકા સાથે વીજળીનો આંજી નાખતો શિરોટો ફેલાયો અને ગુંદાસર ઉપર બારેય મેઘ ખાંગા થઇ ગયા.મૂશળધાર વરસતા વરસાદના ઘેરાં ધાનની અસર તળે સહું જીવો નિંદ્રાધીન થઇ ગયાં."[૭]

આમ, હાર્ડી નિરૂપીત પ્રકૃતિના વર્ણનોમાં અશાંતી, અજંપો અને ઉચાટ જોવા મળે છે.જયારે મડિયાના પ્રકૃતિના વર્ણનોમાં ભાવાત્મકતા અને આત્મીયતાના દર્શન થાય છે.મડિયાએ પણ અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ જેવું પ્રકૃતિનું રૌદ્ર સ્વરૂપ રજૂ કર્યું છે.પરંતુ એના નિરૂપણમાં પણ ભારતીય ગ્રામ્યપરિવેશના પ્રકૃતિ સાથેના લાગણીસભર સંબંધોનો લોપ થયેલો જોઇ શકાતો નથી.અને એ જ આપણા ગ્રામ્યપરિવેશની વિશિષ્ટતા છે.

**ગરીબોનું શોષણ અને તેનું યથાર્થ નિરૂપણ :**

જમીનદારો અને મૂડીવાદીઓ દ્વારા ગરીબોનું શોષણ એ વૈશ્વિક સમસ્યા છે જેનું હાર્ડી અને મડિયાએ પોતાની નવલકથાઓમાં યથાર્ત નિરૂપણ કર્યું છે.ધનિકોના આવા અન્યાયી વલણને લીધે જ ગરીબો હંમેશા ગરીબ રહેવા પામે છે.ટેસ, જયુડ, ગાઇલ્સ, ઓક વગેરે વ્યકિતઓની સમસ્યાના મૂળમાં ગરીબાઇ રહેલી છે.તો મડિયામાં સંતુ, ગોબર, હાદા પટેલ વગેરે પણ દૂબળા ખોરડાંના વ્યકિતઓ છે અને તેઓ હંમેશા દબાયેલી, લાચાર, દયનીય હાલતમાં જીવનગુજારો કરે છે.હાર્ડીમાં

એલેક, મિસિસ ચાર્મોન્ડ તો મડિયામાં આભાશા, લીલુ શેઠ વગેરે મૂડીવાદી વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે.મૂડીવાદીઓ ગ્રામજનો ઉપર અમાનુષી અત્યાચાર ગુજારે છે.આથી જ હાર્ડી અને મડિયા એમના પ્રત્યે સહાનુભૂતિભર્યું અને ઉદાર વલણ દાખવે એ સ્વાભાવિક છે.ટેસના કુટુંબની આજીવિકા રળી આપનાર ઘોડા 'પ્રિન્સ' નું અકસ્માતમાં મૃત્યુ થાય છે.સમગ્ર ડ'અર્બરવિલ્સ કુટુંબ શોકગ્રસ્ત છે.અહીં હાર્ડી લખે છે :

"When Prince was tumbled in they gathered round the grave.The bread-winner had been taken away from them : What would they do ?"[૮]

એ જ પ્રમાણે હાદા પટેલના કુટુંબના બે બળદોમાંથી એક બળદનું મૃત્યુ થતા એ કુટુંબ મોટી મુશ્કેલીમાં મૂકાઇ જાય છે.અહીં મડિયા લખે છે :

"દુકાળ વરસ માથે ગયું હોવાથી નવો બળદ ખરીદવાનું હાદા પટેલનું ગજું નહોતું. એમણે કઢારે કઢાવીને બીયારણ ખરીદ કર્યું હતું. પણ હવે બળદની ખરીદી માટે કઢારે કઢાવવાની એમની ગુંજાશ નહોતી.ગિરવી મૂકવા જેવું કશું મૂલ્યવાન રાચ હવે બાકી રહેવા પામ્યું નહોતું."[૯]

આમ, બંને નવલકથાકારોની કૃતિઓમાં ગ્રામજનોની ગરીબાઇનું વાસ્તવિક ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે.આમ છતાં હાર્ડીની કૃતિમાં જોવા મળતા બાથશેબા અને બોલ્ડવુડ જેવાં સમૃધ્ધ ખેડૂતો મડિયાની કૃતિમાં અને એ સમયના ભારતીય ગ્રામ્યપરિવેશમાં જોવા મળતા નથી.વર્તમાન સમયમાં પણ ગરીબીને લીધે અને પાક નિષ્ફળ જતા ભારતીય ખેડૂતો આત્મહત્યા કરે એ ચિત્ર અતિસામાન્ય છે.

**સંઘર્ષનું નિરૂપણ :**

હાર્ડી અને મડિયાએ પોતાની નવલકથાઓમાં માનવીને કઠોર અને સખત સંઘર્ષનો સામનો કરતા દર્શાવ્યા છે.સપાટી ઉપર એ સંઘર્ષ માટે જવાબદાર પરિબળ કયારેક સમાજ હોઇ શકે, તો કયારેક પ્રકૃતિ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. મેયરમાં હેન્ચાર્ડ અને ફારફ્રે વચ્ચે ધંધો અને એક સ્ત્રીને

લઇને ઘર્ષણ ઉત્પન્ન થાય છે.તો ખરાબ હવામાનને લીધે પાકને નુકશાન થતા અને ધંધામાં ખોટ જાય છે અને એ આર્થિક રીતે પાયમાલ થઇ જાય છે. એ જ પ્રમાણે ‘વેળા વેળાની છાંયડી’ માં ઓતમચંદ અને સાળા દકુભાઇ વચ્ચે વૈમનસ્ય જન્મે છે.ઓતમચંદનો ધંધો પડી ભાંગતા એ પણ આર્થિક રીતે પાયમાલ થઇ જાય છે.ટેસ પોતાના જીવનમાં સૌપ્રથમ એલેક, સમાજ અને ફ્લીન્ટકોમ્બ-એશ ખાતે ખેતરમાં પ્રકૃતિ સામે બાથ ભીડે છે. તો સંતુ શરૂમાં માંડણ-શાદૂળ સામે બાથ ભીડે છે.ત્યારબાદ વરસાદમાં વિલંબ થતા સમાજ અને પ્રકૃતિ એમ બંને એની અગ્નિપરીક્ષા માટે જવાબદાર પરિબળ સાબિત થાય છે.ટેસ અને સંતુએ અનુભવેલા સંઘર્ષમાં આ ઉપરાંત અનેક નાની-મોટી સમાનતાઓ ધ્યાન ઉપર આવે છે જે અહી નોંધવી રહી.જેમ કે આ બંને નાયિકાઓએ એમના જીવનમાં ખૂબ જ નાની અને અપરિપકવ ઉંમરે અતિ ગંભીર અને ગહન સંઘર્ષનો સામનો કરવો પડે છે.નવલકથાની શરૂઆત થાય છે ત્યારે ટેસ માત્ર સત્તર વર્ષની નાદાન કન્યા હોય છે.આ જ પ્રમાણે લીલુડી ધરતી ભાગ-૧ની શરૂઆતમાં શાદૂળ અને માંડણ જેવા ભડવીરોને હંફાવનાર સંતુ પણ માત્ર સત્તર વર્ષની જ કન્યા છે.ટેસના પિતા જેક ડર્બીફીલ્ડ પાસે એક ઘોડાગાડી છે અને તેઓ ગામડાંમાંથી માલ ભરી શહેરમાં પહોંચાડવાનું કામ કરે છે.એમની આજીવિકાનો આધાર ‘poor creature’એવો એમનો ઘોડો છે.તેઓ અત્યંત ગરીબાઇમાં એમનો પેટગુજારો કરે છે.સંતુના પિતા ટિહા પાસે એક બળદગાડું છે, અને તે પણ ગામડાં અને શહેર વચ્ચે માલ-વહન કરવાનું કામ કરે છે. એમના ‘ગરીબડા’ બળદો માત્ર એમને આજીવિકા પૂરી પાડે છે.ટેસ પોતાના જીવનમાં જે સંઘર્ષનો સામનો કરે છે એના મૂળમાં એલેકની ટેસ પ્રત્યેની અંધ આસકિત રહેલી છે.તો સંતુના મોહમાં માંડણ વિવેકહીન બને છે અને એને વિધવા બનાવી દે છે.ટેસ ખૂબ જ નાની ઉંમરે ગર્ભવતી બને છે અને એક અનૌરસ સંતાનને જન્મ આપે છે જે થોડા સમયને આંતરે મૃત્યુ પામે છે. સંતુ પણ ગર્ભવતી બને છે અને એક મૃત શીશુને જન્મ આપે છે, જેને લોકો અનૌરસ સંતાન માને છે. અહી એક અનૌરસ

સંતાનની માતાની મનઃસ્થતિ હાર્ડી અને મડિયાએ ખૂબ હૃદયદ્રાવક રીતે રજૂ કરી છે.એક રાતે પથારીમાં સૂતાં સૂતાં ટેસને પોતાની બાળકી માટે નીચે પ્રમાણે કુવિચાર આવે છે :

"She thought of the child consigned to the nethermost corner of hell, as its double doom for lack of baptism and lack of legitimacy : saw the arch-field tossing it with his three pronged fork, like the one they used for heating the oven on baking days ; to which picture she added many other quaint and curious details of torment sometimes taught the young in this Christain country."[૧૦]

આ જ પ્રમાણે સંતુ જયારે પ્રસૂતિની પીડાદાયક પ્રક્રિયામાંથી પસાર થઇ રહી હોય છે ત્યારે તેને પણ નીચે પ્રમાણે ભયાનક વિચાર આવે છે :

"ધરતીની લીલીછમ બિછાત ઉપર એક નવપુષ્પિત શીશુ ભાંખોડિયા ભરવા મથી રહ્યું છે, પણ લોકો એના માર્ગમાં વિઘ્નો ઊભા કરે છે.એનામાં કલંકનું આરોપણ થાય છે.ચારેય દિશાએથી એના ઉપર પથરા પડે છે.સમાજના નીતિરક્ષકો એના ઉપર તૂટી પડે છે અને બાળક આખરે રિબાઇ રિબાઇને મરે છે."[૧૧]

ટેસ અને સંતુ સામે સમાન પ્રકારનો પડકાર છે. પોતાના જ કુટુંબ અને સમાજમાં પોતાના ચારિત્ર્યની પવિત્રાતા કેવી રીતે સાબિત કરવી ?આજના આધુનિક યુગમાં પણ આ પ્રકારનો પડકાર સ્ત્રીઓ માટે એક વિકટ પ્રશ્ન બની રહેવા પામ્યો છે, અને આજે પણ સ્ત્રીઓએ પોતાના ચારિત્ર્યની પવિત્રાતા સાબિત કરવા માટે સંતુની જેમ અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે છે.[૧૨]

'Tess'એ 'Teresa'નું  સંક્ષિપ્ત નામ છે, અને એનો અર્થ આપણે આગળ જોયું તે પ્રમાણે ધરતીમાંની પુત્રી અથવા ધરતી પોતે એવો થાય છે.જયારે મડિયાની 'લીલુડી ધરતી' એટલે સંતુ. આમ, બંને નામો પ્રતિકાત્મક રીતે ધરતી સાથે સંબંધ ધરાવે છે.

**માનવી અને એનું ભાગ્ય :**

માનવીએ પોતાના જીવનમાં અનુભવવા પડતા સંઘર્ષ બાબતે હાર્ડીનું માનવું હતું કે તેમના પાત્રો સંઘર્ષ અનુભવે છે કારણ કે એમ કરવું એમના ભાગ્યમાં લખ્યું હોય છે.એમના મતે ટેસ જેવા પાત્રોની વ્યથા અને વેદના માટે એલેક જેવા દુષ્ટ વ્યકિતઓને પણ દોષિત ગણી શકાય નહિ, કારણ કે ટેસનું ભાગ્ય જ એની સાથે ક્રૂર રમત રમી રહ્યું હતું.આથી જ નવલકથાને અંતે ટેસના મૃત્યુ બાદ હાર્ડી લખે છે :

"Justice was done, and the President of the Immortals, in Aeschylean phrase, had ended his sport with Tess".[૧૩]

આ જ પ્રમાણે હેન્ચાર્ડ, કિલમ, યુસ્ટેસીયા, ગાઇલ્સ, જયુડ વગેરે પાત્રો જે કોઇ વિષમ પરિસ્થિતિમાંથી પસાર થાય છે એનો દોરીસંચાર એમનું ભાગ્ય કરે છે.

આવું જ ભાગ્યવાદી વલણ મડિયાની નવલકથાઓમાં પણ જોવા મળે છે.જેમ કે સંતુના આત્મહત્યાના નિષ્ફળ પ્રયાસ બાદ એણે ભાવિજીવનમાં અનુભવવાની આકરી અગ્નિપરીક્ષાના એંધાણ આપતા મડિયા લખે છે :

"પણ શ્વસુરના આવા સાંત્વનથી સંતુને થોડી શાતા મળે એમ હતી ? એની સામે તો ખુદ વિધાતા જ કોઇક ક્રૂર વેર વાળવા કૃતનિશ્ચય હોય એમ લાગતું હતું."[૧૪]

જયારે ટેસ ઉપર બળાત્કાર થાય છે ત્યારે હાર્ડી લખે છેઃ

"Where was Tess's guardian angel ? Where was the providence of her simple faith ? like that other god of whom the ironical Tishbite spoke, he was talking,or he was pursuing, or he was in a jorney, or he was sleeping and not to be awaked."[૧૫]

સંતુએ પોતાની પવિત્રાતા અને નિર્દોષપણું સાબિત કરવા ધગધગતી કડાઇના તેલમાં હાથ બોળ્યા.કકળતા તેલમાં એના હાથ ફડફોલી ઉઠતા સતનાં પારખા થઇ જાય છે. સંતુ દોષિત સાબિત થતાં એને આઠ ગાઉ આઘી કાઢવાની સજા ફરમાવવામાં આવે છે.અહી મડિયા લખે છે:

"ઓઘડભાભા તરફથી આરોપીને સજા ફરમાઇ રહી અને ન્યાયની દેવડીમાં પલટાઇ ગયેલા આ ઠાકરદુવારના ગભારામાં લોખંડની જાળીને આડશે બિરાજતા ઠાકોરજી આ ન્યાયનું નાટક નિહાળી રહ્યા."[૧૬]

આ જ પ્રમાણે હેન્ચાર્ડ અને ઓતમચંદ પોતાના જીવનમાં જે કોઇ ચડતી-પડતી જુએ છે એને માટે એમનું ભાગ્ય જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.અહી તફાવત માત્ર એટલો જ છે કે હાર્ડીની નવલકથામાં જોવા મળતું ભાગ્યવાદી વલણ એ હાર્ડીની માનસિકતા છે જેને વ્યકત કરવા હાર્ડી પોતાની નવલકથામાં પરિસ્થિતિ અને પાત્રોને માધ્યમ બનાવે છે, જયારે મડિયાની નવલકથામાં જોવા મળતું ભાગ્યવાદી વલણ માત્ર મડિયાની માનસિકતા ન રહેતા સમગ્ર ભારતીય સમાજની અને વિશેષ કરીને ભારતીય ગ્રામ્યસમાજની માનસિકતા તરીકે વ્યકત થાય છે.

**સામાજિક ભેદભાવનું નિરૂપણ :**

હાર્ડીની નવલકથાઓમાં જોવા મળતા સામાજિક ભેદભાવનું કારણ મુખ્યત્વે આર્થિક અને વ્યવસાયિક છે.સામાજિક ભેદભાવનો ભોગ બનતા પાત્રો ગરીબ છે.અને તેઓ ખેતમજૂર, કડિયા, કઠિયારા, ખાટકી, ભરવાડ જેવા અતિ સામાન્ય વ્યવસાય ધરાવતા હોવાથી સમાજમાં એ લોકોની માનહાનિ અને અવગણના થાય છે.લગ્ન જેવી બાબતોમાં વ્યકિતની આર્થિક સધ્ધરતા નિર્ણાયક બાબત સાબિત થાય છે.ઓક બાથશેબા સાથે લગ્ન કરવા માંગે છે.પરંતુ ઓક આર્થિક રીતે પાયમાલ થઇ જતા અને બીજી બાજુ બાથશેબા ધનિક બની જતા તેઓ વચ્ચે આર્થિક અસમાનતાની મોટી ખાઇ સર્જાય છે. ગરીબીના કારણે જ ગાઇલ્સ ગ્રેસને પરણી શકતો નથી. તો આ આર્થિક અસમાનતાને કારણે જ ફ્રેન્સીના પિતા દ્વારા ડીકની લગ્નની દરખાસ્તનો અસ્વીકાર થાય છે. જયારે

મડિયાની નવલકથાઓમાં સામાજિક ભેદભાવનું કારણ મુખ્યત્વે ભારતીય સમાજમાં જોવા મળતી જ્ઞાતિપ્રથા છે. લગ્ન જેવી બાબતોમાં વ્યકિતની આર્થિક પરિસ્થિતિ કરતા એ કઇ જ્ઞાતિની છે એ બાબત વધુ એહેમ છે અને આથી જ આંતરજ્ઞાતિ લગ્નોનો સમાજ દ્વારા વિરોધ કરવામાં આવે છે. ભારતીય ગ્રામ્યસમાજમાં આજે પણ આંતરજ્ઞાતિય લગ્નોને સંપૂર્ણપણે સ્વીકૃતિ મળી નથી.અને આ પ્રકારના લગ્નોને લઇને અનેક સામાજિક સમસ્યાઓ આકાર પામે છે.

**સ્ત્રી-પુરૂષનાં સંબંધો :**

માનવીય સંબંધોમાં સ્ત્રી-પુરૂષના સંબંધો છેક પ્રાચીન કાળથી આજ દીન સુધી સૌથી વધુ વિવાદાસ્પદ અને ચર્ચાસ્પદ રહેવા પામ્યા છે.કારણ કે સ્ત્રી-પુરૂષનાં સંબંધોમાં અનેક સૂક્ષ્મ શકયતાઓ રહેલી છે.એ તમામ શકયતાઓને સમજવી અને સ્વીકારવી એ એક સામાન્ય વ્યકિત અને સમાજ માટે લગભગ મુશ્કેલ બાબત સાબિત થાય છે.સાહિત્યકાર જ એવી વ્યકિત છે જે આવી સંવેદનશીલ બાબતોને જીવનના સાપેક્ષ સત્યોના સંદર્ભમાં ચકાસે છે, મૂલવે છે અને આપણી સમક્ષ રજૂ કરે છે.હાર્ડી અને મડિયા પણ આવા જ સક્ષમ સાહિત્યકારો છે જેમણે સ્ત્રી-પુરૂષના સંબંધોને પોતાની કૃતિઓમાં મુખ્યત્વે ત્રણ સ્તરે રજૂ કર્યા છે :

(૧) સાત્વિક પ્રેમ : આ પ્રકારનાં પ્રેમસંબંધોમાં નિસ્વાર્થ ત્યાગ, સહકાર જેવાં સાત્વિક ગુણોનાં દર્શન થાય છે.હેન્ચાર્ડ અને સુસાનના દામ્પત્યજીવનના અનેક નકારાત્મક પાસાંઓ છે.છતાં હેન્ચાર્ડ પોતાની પત્નીને ચાહે છે અને સમય જતા પોતાની પતિ અને પિતા તરીકેની નૈતિક ફરજોથી વાકેફ થાય છે.આથી જ જયારે સુસાન કેસ્ટરબ્રીજમાં પાછી ફરે છે ત્યારે તેને તે અપનાવે છે અને લ્યુસેટાનો ત્યાગ કરે છે.એવું જરૂરી નથી કે આ પ્રકારના સાત્વિક પ્રેમસંબંધોમાં સ્ત્રી-પુરૂષ પતિ-પત્ની જ હોય.બાથશેબા ટ્રોયની પત્ની હોવા છતાં ઓક એને ચાહે છે.એનો બાથશેબા માટેનો પ્રેમ નિસ્વાર્થી અને સાત્વિક છે. આ જ પ્રમાણે ગ્રેસ ડૉ.ફિઝીપીઅર્સની પત્ની છે, છતાં ગાઇલ્સ એને મનોમન ચાહે છે અને એના હિતાર્થે પોતાના પ્રાણનું બલિદાન આપે છે. આ જ પ્રમાણે માર્ટીના ગાઇલ્સ પ્રત્યેના,

જેનના ફારફ્રે પ્રત્યેના અને ડીગોરી વેનના થોમેસીન પ્રત્યેના વલણમાં આપણને સાત્વિક પ્રેમના દર્શન થાય છે.મડિયામાં સંતુ-ગોબર, લાડકોર-ઓતમચંદ પતિ-પત્નિ છે.તેઓના દામ્પત્યજીવનમાં શુધ્ધ અને સાત્વિક પ્રેમના દર્શન થાય છે.આ જ પ્રમાણે ઉજમ અને સુલેખાના ચારિત્ર્યમાં આપણને આદર્શ ભારતીય નારીની સહનશીલતા, સહિષ્ણુતા અને પતિપરાયણતા જોવા મળે છે.તો શારદા ઇગ્નેઝને પ્રેમ કરતી હોવાથી પોતાના પતિ ઉમેદલાલને પોતાનું તનમન સમર્પિત કરી શકતી નથી.એની ઇગ્નેઝ માટેની પ્રબળતા અંતે વિરકિતમાં પરિવર્તિત થાય છે.બે અજાણી વ્યકિત ઓતમચંદ અને હીરબાઇ વચ્ચે ભાઇ-બહેનનો પ્રેમ પાંગરે છે.

(૨) શરીરીપ્રેમ :

આપણે ઉપર જોયું કે જયાં સાત્વિક પ્રેમ હોય ત્યાં સ્ત્રી-પુરૂષ પતિ-પત્ની જ હોય એવું જરૂરી નથી.એ જ પ્રમાણે જયાં સ્ત્રી-પુરૂષ પતિ-પત્ની હોય ત્યાં સાત્વિક પ્રેમ જ હોય એવું જરૂરી નથી.જયુડ અને અરબેલા લગ્નગ્રંથીથી જોડાય છે.પરંતુ એમના સંબંધોના મૂળમાં અદમ્ય શારીરિક આકર્ષણ રહેલું છે.આ જ પ્રમાણે બાથશેબા અને ટ્રોય, ટેસ અને એન્જલ, ગ્રેસ અને ફિઝપીઅર્સના દામ્પત્યજીવનનો આધાર પરસ્પરનું શારીરિક આકર્ષણ છે.આથી જ માત્ર શારીરિક આકર્ષણને આધારે આકાર પામેલું એમનું દામ્પત્યજીવન ખૂબ જ ટૂંકા સમયગાળામાં નિષ્ફળતાની આરે આવી ઊભું રહે છે.મડિયામાં દેવશી અને પૂનમ, ખેતશી અદા અને રાસેલ, રિખવ અને એમી વગેરે સ્ત્રી-પુરૂષના સંબંધો શરીરી પ્રેમના પાયા ઉપર પાંગરે છે.

(૩) વિકૃત પ્રેમ :

સ્ત્રી અને પુરૂષ વચ્ચે સાત્વિક પ્રેમ પાંગરે એ બાબતને શ્રેષ્ઠ ગણી શકાય.એક સુંદર સ્ત્રી અને સોહામણો પુરૂષ પરસ્પર વિજાતીય આકર્ષણ અનુભવે એને પણ સહજ ગણી શકાય, પરંતુ કેટલાંક પ્રકારના શારીરિક સંબંધો વૈશ્વિક ધોરણે નિષિધ્ધ અને અરૂચિકર હોય છે.જેને માત્ર માનવમનની વિકૃતિ જ ગણી શકાય. આ પ્રકારના વિકૃત પ્રેમનું નિરૂપણ મડિયાની નવલકથામાં થયેલું

જોવા મળે છે.દેવશી અને કંકુ સામાજિક ધોરણે સસરા અને પુત્રવધૂ છે. પરંતુ અહી સામાજિક કે કૌટુંમ્બિક મર્યાદાનો છેદ ઉડી જાય છે, અને એ લોકો વચ્ચે શારીરિક સંબંધ સ્થાપિત થાય છે.નથુ સોની અને જડાવ બાપ-દિકરી છે.પરંતુ અહી પણ માનવમનની વિકૃતિ એની પરાકાષ્ઠાએ પહોંચે છે. બાપ થકી દીકરી ગર્ભવતી બને છે, અને તે એક શીશુને જન્મ આપે છે.વિશ્વનો એવો કોઇ સમાજ કે સંસ્કૃતિ નથી જે આવા સંબંધોને સ્વીકારે કે માન્ય રાખે.વર્તમાન સમયમાં જયારે ભારત જેવા ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરામાં માનનારા રાષ્ટ્રમાં પણ સમલિંગી સંબંધો ઉપર કાયદાકીય મહોર લાગી હોવા છતાં અથવા તો ભવિષ્યમાં જયારે માનવીય સંબંધો ગમે તેવો આકાર અને સ્વરૂપ ધારણ કરે, છતાં અમુક પ્રકારના માનવીય સંબંધો વિશ્વના કોઇપણ સમાજમાં અને કોઇપણ સમયે હંમેશા નિષિધ્ધ છે અને રહેશે જ.

**ઔદ્યોગિકરણની સામાજિક મૂલ્યો પર અસર :**

હાર્ડી અને મડિયાના સમયે ઔદ્યોગિકરણને લીધે બાહ્ય જગતમાં જે સ્થૂળ પરિવર્તનો જોવા મળે છે, એની સીધી અસર લોકોના સામાજિક મૂલ્યો અને એમની માનસિકતા ઉપર પડે છે.હાર્ડીની નવલકથાઓમાં જયૂડ, સ્યુ, એલેક, ફારફ્રે, યુસ્ટેસિયા વગેરે આધુનિક માનસિકતા ધરાવતા પાત્રો છે.તો મડિયામાં રઘો, શાદૂળ, કંકુ, કાલિન્દી વગેરે પાત્રોના વાણી-વર્તન આધુનિકતાની અસરને આધીન જોવા મળે છે.પરંતુ હાર્ડીની નવલકથાઓમાં શહેરીકરણ, કૃષિનું વિઘટન, બેરોજગારી, ગ્રામજનોનું સ્થળાંતર જેવા કેટલાંક નકારાત્મક પરિવર્તનોની જ નોંધ લેવામાં આવી છે.જયારે મડિયાની ‘પાવકજવાળા’ અને ‘ઈંધણ ઓછાં પડયા’ જેવી નવલકથાઓમાં ગાંધીના પ્રભાવ હેઠળ ગ્રામ્યસમાજમાં આવી રહેલા કેટલાંક હકારાત્મક પરિવર્તનોનો પણ ઉલ્લેખ થયેલો જોવા મળે છે. ગાંધીવિચારસરણીનો ભારતીય ગામડાં ઉપરના પ્રભાવનો કોઇપણ ભારતીય ગ્રામ્યપરિવેશના અને એના અભ્યાસના એક વિશિષ્ટ અને અલાયદા વિષય તરીકે વિકાસ થયો છે.

**ગ્રામજનોની ભૂમિકા :**

હાર્ડી અને મડિયાની નવલકથાઓમાં ગ્રામજનો સમાંતર સ્તરે રજૂ થયા છે. આ બંને નવલકથાકારોની કૃતિઓમાં તેઓ નીચે પ્રમાણેની સર્વસામાન્ય ભૂમિકા ભજવે છેઃ

- તેઓ નવલકથામાં બનતી ઘટનાઓ વિષે ટીકા-ટિપ્પણી કરે છે, તો કયારેક કોઇક ઘટના વિષે અન્ય પાત્રને અને સાથે સાથે ભાવકને પણ માહિતગાર કરે છે.આ રીતે તેઓ કથાપ્રવાહને આગળ વધારવામાં નવલકથાકારને મદદરૂપ બને છે.
- નવલકથામાં બનતી ઘટનાઓ અને પાત્રો પ્રત્યે સર્જકની પણ ક્રિયા-પ્રતિક્રિયા અને વલણો હોય છે.જેમ કે હાર્ડી ટેસ માટે અને મડિયા સંતુ માટે સહાનુભૂતિ અનુભવે એ સ્વાભાવિક છે. આને આપણે ‘Author’s Point of View’કહી શકીએ. તો સર્જકનો આ દષ્ટિકોણ ભાવક સુધી પહોંચાડવામાં ગ્રામજનો  કયારેક મધ્યસ્થીની ભૂમિકા ભજવે છે.
- નવલકથારૂપી કેનવાસ ઉપર ગ્રામ્યપરિવેશનું જે ચિત્ર તૈયાર થાય છે એનું જીવંત ‘બેક ગ્રાઉન્ડ’ગ્રામજનો તૈયાર કરે છે.એ લોકોના હલનચલન થકી નવલકથામાં ગ્રામ્યપરિવેશ ધબકતો લાગે છે.
- ગ્રામજનોના વાણી, વર્તન અને વ્યવહાર થકી વેસેકસ અને સૌરાષ્ટ્રના જનસમૂહની જીવનશૈલી, સંસ્કૃતિ અને પરંપરાનો ભાવકને પરિચય પ્રાપ્ત થાય છે.
- બંને નવલકથાકારોની કૃતિમાં ગ્રામજનો ‘mass-mentality’ના ભાગરૂપે રજૂ થયા છે.તેઓ કયારેક ભલાં-ભોળાં, સીધા અને સરળ લાગે છે, તો કયારેક તેઓ કપટી, કુટીલ અને કાવતરાંખોર લાગે છે.ગ્રામજનો એક સમૂહ તરીકે નવલકથામાં બનતી ઘટનાઓ પ્રત્યે પોતાના વલણો વારે વારે બદલતા જોવા મળે છે.

**અંગ્રેજી અને ભારતીય સંસ્કૃતિ વચ્ચે આદાન-પ્રદાન :**

ભારતમાં અંગ્રેજ સરકારની સ્થાપના બાદ, એવું લાગતું હતું કે તેઓએ આ દેશમાં પોતાનો મજબૂત પગદંડો જમાવ્યો છે.અંગ્રેજોએ તે સમયના ભારતીય સમાજનું સૂક્ષ્મ અવલોકન કર્યું અને એ અવલોકનોને અંતે એવા તારણો ઉપર આવ્યા કે ભારતીયો અન્ય દેશોની પ્રજા કરતા ધાર્મિક, સામાજિક, રાજનૈતિક અને આર્થિક ક્ષેત્રે ઘણાં પાછાં પડે છે.આથી તેઓએ ભારતીય પ્રજા ઉપર અંગ્રેજી સંસ્કૃતિ અને સભ્યતા ઠોકી બેસાડવાનો પ્રયત્ન આદર્યો, એવી ધારણાએ કે એમ કરતા ભારતીય પ્રજા ખૂબ સરળતાથી, અંગ્રેજ સરકારના વહિવટને તાબે અને ઉપયોગી થશે.તો બીજી બાજુ એ સમયે ભારતીય સમાજમાં બાળહત્યા, બાળલગ્નો, સતીપ્રથા, દ્વિપત્નિત્વ, સામાજિક ભેદભાવ જેવા અનેક દુષણો પ્રચલિત હતા.આવા અંધકારયુગમાં જ ખ્રિસ્તી ધર્મપ્રચારકોએ ભારતીય સમાજમાં ભારતીય ભાષાઓમાં પોતાના ધર્મનો પ્રચાર શરૂ કર્યો.તો બીજી બાજુ, અંગ્રેજ સરકારે અંગ્રેજી ભાષાના વપરાશ ઉપર ભાર મૂકી સ્થાનિકોને અંગ્રેજી ભાષા અને સંસ્કૃતિ તરફ વાળવાનો પ્રયત્ન કર્યો.આમ, ધીમે ધીમે ભારતીય સમાજમાં એક એવો વર્ગ ઉદ્ભવ્યો જે વિદેશી સભ્યતા અને વિચારસરણી પ્રત્યે આકર્ષાયો અને એને અપનાવવા લાગ્યો. અંગ્રેજ સરકારે આ પ્રમાણે શિક્ષણક્ષેત્રે પણ અનેક પરિવર્તનો લાદયા.અંગ્રેજી શિક્ષણનો અને સાથે સાથે અંગ્રેજી સંસ્કૃતિ અને સભ્યતાનો મહિમા વધવા લાગ્યો. વધુમાં વ્યવસાય, શિક્ષણના સંદર્ભે સ્થાનિકો વિદેશ પ્રવાસ ખેડવા લાગ્યા.તેઓ જયારે પોતાના પ્રદેશમાં પાછા ફર્યા ત્યારે વિદેશી વિચારો અને રહેણી-કરણી સાથે લેતા આવ્યા.તો બીજી બાજુ એવા અનેક અંગ્રેજો પણ છે જેઓ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાથી પ્રભાવિત થયા.અને એમને પોતાની વિચારસરણીમાં વણી લીધા.આમ, ભારતમાં અંગ્રેજોના આગમનને લીધે અંગ્રેજી સંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિ વચ્ચે આદાન-પ્રદાનની પ્રક્રિયા શરૂ થઇ એવું નિઃશંકપણે કહી શકાય. આથી જ થોમસ હાર્ડી જે ઈંગ્લેંડના એક ગ્રામ્યપરિવેશનું પોતાની નવલકથાઓમાં આલેખન કરે છે અને ચુનીલાલ મડિયા જેઓ ભારતના એક ગ્રામ્યપરિવેશનું પોતાની નવલકથાઓમાં આલેખન કરે છે

એમની વચ્ચે અને એમણે આલેખેલી પોતપોતાના પ્રદેશના લોકોની સંસ્કૃતિ વચ્ચે અનેક સમાનતાઓ જોવા મળે એ સ્વાભાવિક છે.ગુંદાસરના ઘણાં ગ્રામજનો વિદેશી સંસ્કૃતિનો સ્પર્શ પામ્યા છે, જેમકે રઘો આફ્રિકા જઇ આવ્યો છે, શાદૂળ રાજકોટની રાજકુમાર કોલેજનાં બારણાં ખખડાવી આવ્યો છે.માંડણ મુંબઇ અને ગુંદાસર વચ્ચે આંટાફેરા કરે છે.ગુંદાસરની ગામઠી છોકરી જડી મુંબઇમાં તારિકા બને છે.મડિયાની નવલકથાઓમાં આવા અનેક ઉદાહરણો મળી રહે છે, જયાં આપણને અંગ્રેજી સંસ્કૃતિનો સ્પર્શ થયેલો જોવા મળે છે.

**હાર્ડીની અને મડિયાની નવલકથાઓમાં ધર્મનું નિરૂપણ :**

આપણા બંને નવલકથાકારોએ ધર્મની આડમાં આચરવામાં આવતા દંભ અને દુષણોનું પોતાની નવલકથાઓમાં કટાક્ષયુકત નિરૂપણ કર્યુ છે.ધર્મ આધ્યાત્મિક ઉન્નતિનો એક મોકળો માર્ગ ન બની રહેતા માત્ર દબાણ લાવનાર પરિબળ સાબિત થાય છે.ટેસ અને સંતુ જે ગુનાહિત લાગણી અનુભવે છે એને માટે જે તે ધર્મને આધારે નિયત કરવામાં આવેલા નૈતિકતાના ધારા-ધોરણો જવાબદાર છે.તેઓ નિર્દોષ હોવા છતાં સમાજ દ્વારા તેઓના મનમાં એવું ઠસાવવામાં આવે છે કે તેઓએ ધર્મ વિરુધ્ધનું કૃત્ય આચર્યું છે, એટલે કે તેઓ પાપી છે.આ જ પ્રમાણે હાર્ડીની અને મડિયાની નવલકથાના અન્ય અનેક પાત્રો ધર્મ દ્વારા ઉત્પન્ન થતા માનસિક દબાણને વશ થતા જોઇ શકાય છે.જેમ કે સ્યુ જેવી આધુનિક અને આઝાદ યુવતીએ પણ અંતે તો સ્વીકારવું જ પડે છે કે તેના અને જયુડના ધાર્મિક વિધિસર લગ્ન થયા ન હોવાથી તેઓના સંતાન પાપ છે અને તે માત્ર ફિલોટસનની જ પત્નિ છે.સ્યુ જેવી સ્વતંત્ર વિચારધારા ધરાવતી યુવતીને નિયંત્રિત કરવામાં સમાજ નિષ્ફળ જાય છે, પરંતુ એ જ સ્યુ પોતાના કૃત્યોને ધાર્મિક દષ્ટિકોણથી મૂલવતા મનોવૈજ્ઞાનિક દબાણ અનુભવે છે.અંતે એ જયુડને છોડી ફિલોટસનનો જ પતિ તરીકે સ્વીકાર કરે છે.આ જ પ્રમાણે ટેસ-એન્જલ, હેન્ચાર્ડ-ન્યુસન, ગ્રેસ-ફિઝપીઅર્સ વગેરે પાત્રો સામાજિક બંધનોમાંથી મુકત થવાની હિંમત તો દાખવી શકે છે પરંતુ ધર્મની સાક્ષીએ નિર્માણ પામેલા લગ્નરૂપી બંધનોને ફગાવવાની હિંમત

દાખવી શકતા નથી.બીજી બાજુ, મડિયામાં પણ ખેતશી અદા, દેવશી, માંડણ, શારદા વગેરે પાત્રો ધર્મની ધજા હેઠળ પોતાની વૃતિઓ વશમાં લેવાનો પ્રયત્ન કરે છે. આ ઉપરાંત ઇશ્વરમાં શ્રધ્ધા કે ભૂત, ડાકણ, જંતર-મંતર, મેલીવિદ્યા જેવી અનેક અંધશ્રધ્ધા બાબતે હાર્ડી અને મડિયાના પ્રદેશોના સામાન્ય ગ્રામજનો એકસ્તરીય માનસિકતા ધરાવે છે.

**ગ્રામ્યપરિવેશનું એક અભિન્ન અંગ : મેળાઓ - ઉત્સવો :**

એ શહેર હોય કે ગામડું પરંતુ સદીઓથી માનવીનું જીવન સંઘર્ષમય અને તણાવયુકત રહેવા પામ્યું છે.માનવીને માનસિક રીતે થકવી નાખનાર આવાં કપરા જીવનમાં મનોરંજન મેળવવું એને માટે અનિવાર્ય બની રહે છે.આથી જ શહેરી વિસ્તારોમાં સભ્ય સમાજને અનુરૂપ કલબસ, કોફી હાઉસીસ, બાર્સ, થિયેટર્સ વગેરે મનોરંજનના સાધનો અને સ્થળોનો વિકાસ થયો છે.પોતાના રોજીંદા ઘટનાક્રમમાં મનોરંજનની અનિવાર્યતા જેટલી એક શહેરીજન અનુભવે છે, એટલી જ એક ગ્રામ્યજન પણ અનુભવે છે.પરંતુ ગ્રામ્યવિસ્તારોમાં મનોરંજનના માધ્યમોનો સદંતર અભાવ વર્તાય છે.આથી ગ્રામજનો માટે મેળાઓ અને ઉત્સવો જ મનોરંજન મેળવવાના એક માત્ર આધાર બની રહે છે.આમ, મેળાઓ અને ઉત્સવો ગ્રામ્યપરિવેશનું એક અભિન્ન અંગ તરીકે આકાર પામે છે. હાર્ડી અને મડિયાએ પણ પોતાના ગ્રામ્યવિસ્તારોમાં ભરાતાં મેળાઓ અને ઉજવવામાં આવતા ઉત્સવોનું રસપ્રદ નિરૂપણ કર્યું છે.એમના એ નિરૂપણમાં અનેક સમાનતાઓ નજરે પડે છે.કેસ્ટરબ્રીજમાં ‘National Event’નિમિત્તે અનેક સ્પર્ધાઓનું આયોજન થાય છે.તો ગુંદાસરમાં હોળીના દિવસોમાં ગામ-ગામના યુવાનો નાળિયેરની રમતોમાં એકબીજા સાથે સ્પર્ધામાં ઉતરે છે.‘એગ્ડનહીથ’માં ‘ગાય ફોકસ ડે’તરીકે ઓળખાતો ભારત દેશમાં જોવા મળતો હોળી જેવો તહેવાર ઉજવવામાં આવે છે.ભારતીય ગ્રામ્યવિસ્તારોમાં જે રીતે હોળીની રાત્રે લાકડાં અને ઝાડી-ઝાંખરાંની થપ્પીઓ સળગાવવામાં આવે છે એજ પ્રમાણે વેસેકસના ગ્રામ્યવિસ્તારોમાં ‘ગાય ફોકસ ડે’ ની રાતે અગ્નિ પેટાવવામાં આવે છે.આ બંને તહેવારો ઉજવવા પાછળ પોતપોતાના પ્રદેશોમાં પ્રચલિત દંતકથાઓ રહેલી

છે.એગ્ડનહીથના ગ્રામજનો વારે-તહેવારે નાટક ભજવે છે અને અન્ય ગ્રામજનો એને માણે છે.એ જ પ્રમાણે મડિયાની નવલકથાઓમાં ગ્રામજનોને ભવાઇની મજા માણતા દર્શાવવામાં આવ્યા છે.આ ઉપરાંત બંને નવલકથાકારોની કૃતિઓમાં કૃષક પ્રવૃત્તિ સંબંધી અનેક ઉજવણીનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે.વેસેક્સ અને સૌરાષ્ટ્ર એમ બંને ગ્રામ્યવિસ્તારોમાં મેળાઓ ગ્રામજનો માટે અનેરું આકર્ષણ બને છે.આ મેળાઓમાં ગ્રામજનો અનેક પ્રકારનું મનોરંજન તો માણે છે પરંતુ સાથે સાથે એમને પોતાના ગ્રામ્યવિસ્તારની બહારની દુનિયાની ઝાંખી મેળવવાની તક પણ આ પ્રકારના મેળાઓમાં જ મળે છે.આપણા બંને નવલકથાકારોની કૃતિઓમાં મેળાઓ માત્ર ગ્રામ્યપાર્શ્વભૂ તરીકે ન આવતા મહત્ત્વના ઘટનાસ્થળ તરીકે રજૂ થયા છે.

**પાપકર્મો, પ્રાર્થના અને મુક્તિ :**

'Good News Bible'(The Old Testament) પ્રમાણે પ્રભુએ જયારે બ્રહ્માંડની રચના કરી ત્યારે પૃથ્વી ઉપર કોઇપણ પ્રકારના ફળ, ફૂલ કે વૃક્ષો હતા નહિ, કારણ કે તે સમયે જમીનને ખેડનાર કે એ વનસ્પતિ જગતની કાળજી લેનાર કોઇ હતું નહિ.પરંતુ પૃથ્વીની સપાટી નીચેથી ઉપર પાણી વહેવા લાગ્યું ત્યારે પ્રભુએ પૃથ્વીની માટીમાંથી એક પુરૂષનું સર્જન કર્યું.ત્યારબાદ પ્રભુએ પૃથ્વી ઉપર એડન નામના અતિસુંદર બગીચાનું નિર્માણ કર્યું. એમાં એક પુરૂષને મૂકયો.એ બગીચામાં અનેક પ્રકારના અતિસુંદર ફળ,ફૂલ અને વૃક્ષો આવેલા હતા.એ બગીચાની મધ્યમાં બે વૃક્ષો હતાં : એક 'ટ્રી ઓફ લાઇફ' અને બીજું 'ટ્રી ઓફ નોલેજ'.પુરૂષની જવાબદારી એ બગીચાની કાળજી લેવાની હતી. એ બગીચામાં પુરૂષ એકલો અટૂલો હતો.તેથી પ્રભુએ એ પુરૂષને અનુરૂપ અન્ય એક જોડીદારની જરૂરિયાત અનુભવી.તેથી એમણે પુરૂષના શરીરના ભાગમાંથી જ એક સ્ત્રીનું નિર્માણ કર્યું.એ સ્ત્રી-પુરૂષ એટલે જ આદમ અને ઇવ. પ્રભુએ એમને એ બગીચાના દરેક ફળ ખાવાની છૂટ આપી, પરંતુ એમણે 'ટ્રી ઓફ નોલેજ' નું ફળ ખાવાની મનાઇ ફરમાવી.તેમ છતાં બગીચામાં ઘૂસી આવેલા એક સર્પ દ્વારા ગેરમાર્ગે દોરાઇ ઇવ પ્રભુ દ્વારા પ્રતિબિંબિત ફળ આરોગે છે અને આદમને પણ એ ફળ

ખવડાવે છે.અહી પ્રભુની આજ્ઞાનો અનાદર થાય છે.આદમ અને ઇવના માનસમાં એ ફળ ખાવાથી અનેક વિકારો જન્મે છે અને એમનું પતન થાય છે.આમ, મનુષ્યનાં નિર્માણ સમયથી જ એનો દેહ પાપી છે. તેમજ ત્યારબાદની માણસજાત એ દૈહિક વિકારોની ફલશ્રુતિ છે એવું ખ્રિસ્તી ધર્મમાં માનવામાં આવે છે.આ માન્યતાનાં પશ્વાદભૂમાં જ મેલસ્ટોક સંગીત મંડળી દ્વારા પ્રાર્થના ગાવામાં આવે છે :

"Remeber Adam's fall ,
O thou Man :
Remember Adam's fall
From Heaven to Hell"

તો બીજી બાજુ, હિન્દુશાસ્ત્રોની ગણના મુજબ દેવ,દાનવ, જંતુ, પ્રાણી અને સર્વ જીવની ચોરાશી લાખ યોનિ ઇશ્વરે ઉત્પન્ન કરી છે.અને સર્વનો વાસ સ્વર્ગ-નર્ક, ભૂમિ, સાગર, આકાશ તથા તેની મધ્યમાં આવેલો છે.આમાંથી પૂણ્યાત્મા જીવ સ્વર્ગમાં જાય છે અને સત્કર્મનાં ફળનાં ભોગ પૂરાં થાય ત્યાં સુધી તે ત્યાં જ વસે છે.ત્યારબાદ તેણે પુનઃ પૃથ્વી પર આવવું પડે છે. એ જ રીતે પાપી જીવાત્મા નર્કમાં પડે છે અને પાપકર્મનાં ફળ ભોગવી રહે ત્યાં સુધી તેણે નર્કમાં જ રહેવું પડે છે.પુનઃ પાપ તથા પૂણ્ય બંને સમતોલ બને છે ત્યારે તેણે પણ પુનઃ પૃથ્વી પર આવવું પડે છે અને માનવઅવતાર આ મુકિતની પ્રાપ્તિની પ્રભુ દ્વારા આપવામાં આવેલી એક વધુ તક છે.ટૂંકમાં કર્મ તથા બુધ્ધિ પ્રમાણે માનવી કર્મફળ તથા જન્મ પામે છે. હિન્દુ ધર્મમાં પણ માનવામાં આવે છે કે આપણો માનવ દેહ કામ, ક્રોધ, લોભ, મોહ, માયા જેવા વિકારોથી ભરેલો છે, જે આપણને પાપકર્મ કરવા માટે પ્રેરે છે,અને અંતે એનું પતન થાય છે.'રામચરિતમાનસ'માં પણ કહેવામાં આવ્યું છે :

"છિતિ જલ પાવક ગગન સમીરા
પંચરચિત અતિ અધમ શરીરા" [૧૭]

એ માન્યતાની પાર્શ્વભૂમાં જ ભૂતેશ્વરની ભજનમંડળી ભજન ગાય છે :

તમે કુડ કાયાના કાઢો રે...

વીરા આવ્યો આષાઢો

આ મનુષ્ય દેહ પાપી હોવા છતાં દરેક માનવીને પોતાના પાપકર્મોમાંથી મુકત થવાની તક સાંપડે જ છે.તેથી માનવદેહ માત્ર ગંદવાડથી ભરેલો છે, એમ માની એનો અનાદર કરવાની જરૂર નથી. માનવદેહ કેવો અમૂલ્ય છે તથા ચોક્કસ સમય થતાં આપણને અચાનક કાળ પકડી જવાનો છે એ સર્વ યથાર્થ સમજીને આપણને આપણો જીવનહેતુ સફળ કરવાની જે ઉજળી તક સાંપડી છે, એ બાબતે આપણે સભાન અને સજાગ થવાની જરૂર છે.એવું માનવામાં આવે છે કે ભગવાને અનેક પ્રાણીઓ રચ્યાં પણ તે કોઇથી તેમને સંતોષ થયો નહિ, કારણ કે એમાંનું એક પણ પ્રાણી તેમને અથવા તેમના કાર્યને ઓળખી શકયું નહિ, તેમજ તેની કદર કરી શકયું નહિ.તેથી જ પ્રભુએ વિચાર્યું કે મારી અદ્‌ભૂત રચનાની કદર કરવા તો માનવ જ સક્ષમ છે. એથી એમની માનવ ઉપર વિશેષ કૃપા રહે છે.અને આ માનવદેહ તો ભાગ્યશાળી જીવને જ મળે છે.માટે જ આપણે પ્રભુનાં ઋણી છીએ.આથી આપણે ઇશ્વર સાક્ષાત્કાર માટેના ત્વરિત, ગંભીર દરેક પ્રયત્નો કરવા જોઇએ. ઊંઘ-આળસ ત્યજી દઇ તંદ્રામાં ન પડતા દિન-રાત આપણે પ્રભુ સ્મરણ કરવું જોઇએ અને એની કૃપાની કદર કરવી જોઇએ.આજ પ્રમાણે ‘વ્યાજનો વારસ’માં ગામનો ગોવાળ જે લોકગીત લલકારે છે એમાં પણ પ્રભુ-સ્મરણનો મહિમા ગાવામાં આવ્યો છે :

આમ, માનવદેહ મૂળભૂત રીતે પાપકર્મોને આધિન છે, પરંતુ પ્રભુ-સ્મરણ અને પ્રભુ-કૃપા એને એના પાપકર્મોમાંથી મુકિત અપાવે છે એવી માન્યતા ખ્રિસ્તી અને હિન્દુ એમ બંને ધર્મોમાં લગભગ સમાન સ્તરે વ્યાપ્ત છે એવું ઉપરોકત પ્રાર્થનામાંથી ફલિત થતું આપણે જોઇ શકીએ છીએ.

**ગ્રામ્યવિસ્તાર અને ભૌગોલિક પરિસ્થિતિઓ :**

હાર્ડીનું ‘વેસેકસ’ એટલે કે વાસ્તવમાં ડોરસેટ એ ઈંગ્લેંડની નૈઋત્ય દિશામાં આવેલું એક સુંદર અને અતિ પ્રાચીન પરગણું છે.ડોરસેટના મોટાભાગના વિસ્તારોમાંથી ફ્રોમ નદીનું પાણી વહે

છે.અનેક સદીઓ સુધી એ એક શાંત ગ્રામ્યવિસ્તાર રહેવા પામ્યો હતો જેમાં શાફટેસબરી, બીમીન્સ્તર અને બ્લેન્ડફોર્ડ જેવા નાના નગરો અને કેટલાંક વોરહેમ, લીમ, અને બીડપોર્ટ જેવા નાના બંદરો આવેલા હતા. પરંતુ ઇ.સ.૧૮૫૦ પછી ડોરસેટના દરિયાકિનારે અનેક નવા નગરોનો વિકાસ થયો.ઇ.સ. ૧૮૦૧માં ડોરસેટના કોઇપણ નગરમાં પાંચ હજારથી વધુ વસ્તી હતી નહિ. પરંતુ ઇ.સ.૧૯૩૧ પછી ઔદ્યોગિકરણ અને શહેરીકરણની પ્રક્રિયાને લીધે ડોરચેસ્ટરમાં દસ હજાર, પુલેમાં સત્તાવન હજાર અને વેમાઉથમાં બાવીસ હજારનો નોંધપાત્ર વસ્તીવધારો જોવા મળ્યો હતો.બોર્નમાઉથમાં માત્ર છવ્વીસ જેટલા જ જૂજ રહેઠાણ હતા.પરંતુ ઇ.સ. ૧૮૭૦માં રેલ્વેના આગમન પછી ઇ.સ. ૧૮૯૫માં એમાં નગરપાલિકાની રચના કરવાની ફરજ પડી.મોટાભાગની વસતિ આ ડોરસેટના આગ્નેય દિશામાં સ્થાઇ થઇ છે.તે સિવાયનો મોટાભાગનો ગ્રામ્યવિસ્તાર નહિવત્ વસ્તીવાળો છે.ઇ.સ. ૧૩૦૫થી ડોરસેટનું વડુ વહિવટી મથક ડોરચેસ્ટર રહેવા પામ્યું છે, જે એની દક્ષિણ દિશામાં આવેલું છે.ડોરસેટનું કુલ ક્ષેત્રફળ બે હજાર છ સો ત્રેપન ચોરસ  કિલોમીટર છે.આ પરગણાની પૂર્વ અને પશ્ચિમના છેડાંઓને જોડતી અનેક ચૂનાના પત્થરોની નાની-મોટી ટેકરીઓ આવેલી છે.એનો દરિયાકિનારો પથરાળ છે. બ્લેકમોર અને ફ્રોમનો ખીણપ્રદેશ ફળદ્રુપ કાંપની માટીનો બનેલો છે, જયાં કૃષિ અને પશુપાલનનો વિકાસ થયેલો જોવા મળે છે. આ વિસ્તાર એના ડેરી ઉદ્યોગ માટે પણ જાણીતો છે.તો ડોરસેટનો પથરાળ વિસ્તાર એના માર્બલ માટે જાણીતો છે.ફ્રોમ નદીનું મુખ ડોરસેટની ટેકરીઓમાં આવેલું છે.એની અનેક ઉપનદીઓ એ ગ્રામ્યવિસ્તારોમાં વહી રહી છે.

આ પરગણું એનો ભવ્ય ઇતિહાસ ધરાવે છે.એની ટેકરીઓ ઉપર અનેક પ્રાચિન કિલ્લાઓ આવેલા છે.ડુરોટ્રીજીસ એ આ વિસ્તારની મૂળભૂત આદિવાસી પ્રજા હતી.જેમની ઉપર રોમનોએ આક્રમણ કર્યું હતું.ત્યારબાદ ડોરચેસ્ટરનો ડર્નોવેરીઆ તરીકે એક રોમનનગર  નગરનો વિકાસ થયો, જે વેસેકસ રાજયનો જ એક ભાગ હતો.

ડોરસેટનું હવામાન સામાન્ય રીતે સમસિતોષ્ણ રહે છે.અહીંની ગ્રીષ્મઋતુ હુંફાળી હોય છે, તેમજ શિયાળો એકંદરે મંદ રહેવા પામે છે.ડોરસેટના દક્ષિણ વિસ્તારમાં દિવસ દરમ્યાન સૂર્યપ્રકાશ પથરાયેલો રહે છે.જયારે એના ભિન્ન-ભિન્ન વિસ્તારોમાં વરસતા વરસાદમાં વિવિધતા જોવા મળે છે.

એક સમયે ડોરસેટમાં લોકોનો મુખ્ય વ્યવસાય કૃપિ જ હતો.આમ છતાં ભૂતકાળમાં મહેલો બાંધવા માટે ડોરસેટમાંથી પત્થરો ખોદવામાં આવતા હતા.આ ઉપરાંત શણનું કાપડ અને ઊનના જાડાં વસ્ત્રો પણ વણવામાં આવતા હતા.આમ, ભૂતકાળમાં આ વિસ્તારમાં કૃષિ અને કૃષિ-આધારિત વ્યવસાયો અને ઉત્પાદનોનો જ વિકાસ થયો હતો.પરંતુ વીસમી સદી દરમિયાન ઔદ્યોગિકરણે એ એકાકી ગ્રામ્યવિસ્તારને પણ ભરડામાં લીધો અને એના ઘણા વિસ્તારોમાં ઉદ્યોગોની સ્થાપના થઇ.

ડોરસેટની ભૌગોલિક પરિસ્થિતિના આધારે એ વિસ્તારમાં નગરરચના અને ગામડાં અને એમાં રહેતા લોકોની જીવનશૈલી આકાર પામ્યા છે.ડોરસેટ એની ભૂગોળ, પ્રકૃતિ, ઋતુઓ, લોકો, એમાં વિહરતા જીવજંતુ સહિત એની તમામ લાક્ષણિકતાઓ સાથે હાર્ડીની નવલકથાઓમાં રજૂ થયું છે.

તો બીજી બાજુ, ભારતના પશ્ચિમ કિનારે ગુજરાત રાજયમાં સૌરાષ્ટ્ર પ્રદેશ આવેલો છે.હાર્ડી માટે જેમ ‘Wessex’છે, તેમ મડિયા માટે ‘સૌરાષ્ટ્ર’ છે.આ પ્રદેશની ઉત્તર દિશામાં કચ્છનો અખાત, દક્ષિણે ખંભાતનો અખાત, પૂર્વે અમદાવાદ જિલ્લો અને પશ્ચિમે અરબી સમુદ્ર આવેલો છે.આ પ્રદેશનું ભૂપૃષ્ઠ ઊંધી રકાબી આકાર જેવું છે.મધ્યભાગ ઊંચો છે અને છેડાનો ભાગ ગોળાકારમાં ઢળતો છે.આ પ્રદેશનું કેન્દ્રબિંદુ ગોંડલ છે.આ પ્રદેશમાં અમરેલી, જામનગર, જુનાગઢ, ભાવનગર, રાજકોટ અને સુરેન્દ્રનગર એમ કુલ છ જિલ્લાઓનો સમાવેશ થાય છે.આ વિસ્તારની ત્રણે બાજુ આશરે ૮૨૦ કિમી.લાંબો સમુદ્રકિનારો પથરાયેલો છે.આ સમુદ્રકિનારા ઉપર આશરે ૨૮ જેટલા નાના-મોટા બંદરોની રચના થયેલી છે. સૌરાષ્ટ્રનું કુલ ક્ષેત્રફળ ૬૪.૩૩૯ ચો.કિમી. છે.

ભારતીય દ્વિપકલ્પમાં જે મહત્ત્વનાં વિવિધ પ્રકારના ખડકો છે, એ બધાં જ પ્રકારના ખડકો સૌરાષ્ટ્રમાંથી મળી આવે છે.આ પ્રદેશની ભૂરચના પાછળ કરોડો વર્ષોની અનેકવિધ ભૂસ્તરીય ઉથલપાથલ કારણભૂત છે.તેની ખડકરચનાને ભૂસ્તરીય કાળક્રમમાં મૂલવતા આર્કિયનથી અર્વાચીન સુધીના અવશેષો પ્રાપ્ત થાય છે.સૌરાષ્ટ્ર મુખ્યત્વે ગોપજીવન અને ગોપસંસ્કૃતિને વરેલો પ્રદેશ છે.લોકો એની લોકમાતાઓની લીલા અને કૃપા પર જ આધારિત છે.સૌરાષ્ટમાં અનેક નાની-મોટી નદીઓ વહે છે.નદીઓ બહુ લાંબી કે પહોળી નથી.વરસાદ ઓછો ને સમુદ્ર નજીક હોવાથી નદીઓનું વહન અને માર્ગ ટૂંકા અને મર્યાદિત છે.સૌરાષ્ટ્રમાં મુખ્ય કહી શકાય તેવી નદીઓમાં ભાદર, શેત્રુંજી, મચ્છુ, ભોગાવો, સુખભાદર, ઘેલો અને કાળુભારનો સમાવેશ થાય છે.

અમરેલી જિલ્લામાં બાબરા તાલુકાનો વિસ્તાર નાનીમોટી ટેકરીઓ ધરાવે છે.તે પાંચાળ વિસ્તાર તરીકે પણ ઓળખાય છે.જિલ્લાના દક્ષિણ ભાગના ધારી, ખાંભા તથા રાજુલાનો કેટલોક પ્રદેશ ડુંગરાળ છે.ગીરની ગિરમાળાઓનો કેટલોક ભાગ અમરેલી જિલ્લામાં સમાવિષ્ટ થાય છે.બરડા, આલેચ, દળશાની ટેકરીઓ, માછરડો ડુંગરોની હારમાળા વગેરે જામનગર જિલ્લામાં આવેલી છે.ગિરનાર, બરડો, ગીરના ડુંગરાળ વિસ્તારોની ગિરિમાળાઓ જુનાગઢ જિલ્લામાં આવેલી છે.રાજકોટની પૂર્વ અને દક્ષિણે છૂટીછવાઇ ટેકરીઓ જોવા મળે છે.સુરેન્દ્રનગરમાં જિલ્લાનો સૌથી ઊંચો ડુંગર ચોટીલો આવેલો છે.

સૌરાષ્ટ્રના જંગલો આબોહવા અને ભૂરચનાને કારણે વિશિષ્ટ અને વૈવિધ્યપૂર્ણ સમૃધ્ધિ ધરાવે છે.અમરેલી અને જૂનાગઢ વિસ્તારમાં વિશ્વનું પ્રખ્યાત ગીરનું જંગલ આવેલું છે.આ ઉપરાંત અન્ય જિલ્લાઓમાં પણ ઓછાં-વધતાં અંશે જંગલ વિસ્તાર આવેલો છે.

સૌરાષ્ટ્રમાં માનવજીવનની અવસ્થા અંગે રંગપુર ખાતે જે અવશેષો મળે છે.તે ઉપરથી જણાય છે કે નગરજીવનની અવસ્થાએ પહોંચેલા લોકો સિંધમાંથી સૌરાષ્ટ્રમાં આવ્યા હોવા જોઇએ. ઇ.સ. બે હજાર વર્ષ પૂર્વે સિંધુની સંસ્કૃતિ સૌરાષ્ટ્રના છેક અંદરના ભાગો સુધી પ્રસરી હતી. સિંધુ

સંસ્કૃતિની પ્રતીતિ કરાવતા અવશેષો અનેક સ્થળોએથી મળી આવે છે.સૌરાષ્ટ્રમાં પ્રવેશવા માટે ઉત્તર ગુજરાત રાજપૂતાના થઇને સિંધ, પંજાબ સાથે સાંકળતો માર્ગ પ્રાચીન સમયથી જ ઉપયોગમાં લેવાતો હોય એવું જણાય આવે છે.આ પ્રદેશમાં પ્રાચીન કાળે દાસ, દસ્યુઓ, નાગો, દ્રવિડો જેવી અનાર્ય મૂલનિવાસી વસાહતો હતી.ત્યારપછીની સદીઓનું સૌરાષ્ટ્ર મુસ્લિમ અને રાજપૂત રાજાઓનો ભવ્ય ઇતિહાસ ધરાવે છે.

સૌરાષ્ટની આબોહવા શિયાળામાં ઠંડી, ઉનાળામાં સૂકી અને ગરમ, દરિયાકિનારાના વિસ્તારોમાં પ્રમાણમાં ભીની અને સમઘાત રહે છે.સૌરાષ્ટ્રની મોટાભાગની આબેહવા ખુશનુમા અને નિરોગી છે.જૂનના મધ્યભાગથી નૈઋત્યના મોસમી પવનોથી વર્ષાઋતુનો પ્રારંભ થાય છે.દક્ષિણ તરફના વિસ્તારોમાં વરસાદ ઘણો અને ઉત્તર તરફના વિસ્તારોમાં થોડો પડે છે.પાણી ભરેલાં વાદળો દક્ષિણમાં વહેલાં તૂટી પડે છે.તેથી દક્ષિણકાંઠામાં અને જે ભાગ સમુદ્રની સપાટીથી ઊંચાણમાં છે, ત્યાં વરસાદ ઘણો પડે છે, અને જે ભાગ દક્ષિણકાંઠાથી દૂર અને નિચાણમાં છે, ત્યાં વરસાદ ઓછો પડે છે.દક્ષિણ અને પશ્ચિમમાં વરસાદ વધારે પડે છે.ઉત્તર અને પૂર્વમાં વર્ષા ઓછી પડે છે.આમ, ભૂગોળ અને પ્રકૃતિની તમામ વિશિષ્ટતાઓથી સૌરાષ્ટ્ર બનેલું છે અને એ તમામ વિશિષ્ટતાઓ સાથે સૌરાષ્ટ મડિયાની નવલકથાઓમાં વ્યકત થાય છે.

★

પાદટીપ :

૧. Hardy, Thomas :‘The Return of the Native’: Wordsworth Editions Limited, Hertfordshire, 2000. p.5

૨. Ibid. , p.6

૩. Ibid. , p. 238

૪. Ibid. , p. 292

૫. Ibid. , p. 146

૬. મડિયા, ચુનીલાલ : ‘લીલુડી ધરતી ભાગ-૧’ : નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ત્રીજી આવૃત્તિ, ૨૦૦૭. પૃ.૧

૭. મડિયા, ચુનીલાલ : ‘લીલુડી ધરતી ભાગ-૨’ : પૃ.૨૪૧

૮. Hardy, Thomas : 'Tess of D'Urbervilles’: Penguin Books , 1988 p.73

૯. મડિયા, ચુનીલાલ : ‘ લીલુડી ધરતી ભાગ-૨’: પૃ.૨૪૦

૧૦. Hardy,Thomas : ' Tess of D'Urbervilles’: p.143

૧૧. મડિયા, ચુનીલાલ : ‘લીલુડી ધરતી ભાગ-૨’ : પૃ.૧૮૮

૧૨. ટી.વી.-૯ ના તા.૧૫-૪-૨૦૧૦ ના ‘અમદાવાદ-Live’ ન્યૂઝ બુલેટીનના સમાચાર મુજબ અમદાવાદમાં ગીતા નામની પરિણીતાએ પોતાના ચારિત્ર્યની શુધ્ધતા સાબિત કરવા માટે ઉકળતા તેલની કડાઇમાં હાથ બોળ્યા.

૧૩. Hardy, Thomas : ' Tess of D'Urbervilles’ : p. 489

૧૪. મડિયા, ચુનીલાલ : ‘ લીલુડી ધરતી ભાગ-૨’: પૃ. ૮૯

૧૫. Hardy, Thomas : ' Tess of D'Urbervilles’: p.119

૧૬. મડિયા, ચુનીલાલ : ‘ લીલુડી ધરતી ભાગ-૨’ : પૃ.૧૦૯

૧૭. ‘શ્રી રામચરિત માનસ’: સં. ૨૦૪૫, ૨૯મી આવૃત્તિ, ગીતાપ્રેસ ગોરખપુર. પૃ. ૫૯૬